तत् सत्

ॐ

# ભાવસાર જ્ઞાતિને વર્ષારંભે

## સ્નેહાભિનંદ.

# "મહાન પુરૂષોની અમૃત વાણી.

## અમૂલ્ય, ચતુર્થ, ભેટ."

! કરૂણાકરી ! રામ કૃષ્ણ ! ભાવસાર બંધુ ઉદ્ધારજો,
ધકાર નિમૂળ નષ્ટકરી, ભિરૂતા બધીએ કાપજો.
ભ્રાતુભાવ ! નીતિ ! હૃદયે હોજો સદા હર્ષમાં,
ન કરજોડી પ્રભૂ પાસે ભીખાજી માગે આ વર્ષમાં

સંશોધી પ્રકાશક. જ્ઞાતિ ચરણારવિંદ.

**ભીખાજી ફકીરચંદ.**

કાલબાદેવી રોડ-મુંબઈ.

तत ॐ सत

# ભાવસાર જ્ઞાતિને વર્ષારંભે

સ્નેહાભિનંદ.

# "મહાન પુરૂષોની અમૃત વાણી.

## અમૂલ્ય ચતુર્થ ભેટ."

કદિ ! અધર્મની ધારે ભલે ગર્દન કપાવા દે.
તથાપિ ધીર ધારીને નીતિને ના ગુમાવા દે

સંશોધી પ્રકાશક.
જ્ઞાતિ ચરણારવિંદ.

**ભીખાજી ફકીરચંદ.**

હારમોનીયમ મેકર

કાલબાદેવી રોડ-મુંબઈ.

# ચતુર્થ અમૃત.

" વિદુરનીતિ" પ્રગટી જ્યારે,
પ્રથમ પ્રેમ ઉદ્દભવ્યો ત્યારે.

" ગુરૂમંત્ર " પ્રકાશ્યો જ્યારે,
વર્ષ પ્રેમનું બીજું ત્યારે.

" ચારૂ ચર્યા " પરખો જ્યારે,
વર્ષ પ્રેમનું ત્રીજું ત્યારે.

"અમૃતવાણી"અવલોકો જ્યારે,
વર્ષાભિનંદ ચોથું ત્યારે.

ધી ન્યુ જૈન પ્રેસ ધનજી સ્ટ્રીટ, પારસી ગલી, મુંબઈમાં
રામજી સુંદરજીએ છાપ્યું છે.

# " સ્નેહાભિનંદ. "

ફર્જ બજાવી પિતૃ થયા, પરલોક નિવાસી પ્રભૂ શરણે;
કીર્તાર તણા ઉપકાર થકી, જે અનુભવ કંઇકિ મળ્યો મુજતે.
રસ નીતિ મય સંત જનોથી, પોષણ કાજ મળ્યોય અરે;
ચંદ્ર કિરણ સમ જ્ઞાન પ્રકાશે, ફર્જ તણું થયું ભાન ખરે.
દત્ત પૂર્વ તણુ ઉર યાદ ધરી, દઉંઅંજલીઆ કુસુમોથી ભરી;
સુજ્ઞ શિરોમણી શ્રી ગુરૂનું, મન મંદિર મધ્ય હું ધ્યાન ધરી.
તત્વ ત્રીલોકતણું ગણુતાં, નીતિ, ન્યાય, અને સત્ય, ધર્મ, ખરૂં;
નાના કલેશ કુસંપ તજી, સદ્‌વર્તની થાવા હું વનવું.
શ્રીહરિ સર્વ મનોરથ પુરો, જ્ઞાતિ જનો સહુના ઉરના;
હર્ષ થકી સુખ સાધન પામો, ભાવસાર જનો તનના મનના.
રીઝવવા નિજ જ્ઞાતિ જનો, શુભ હોંશ ઘણી ઉછળે મનમાં;
હોય થતી કદિ ભૂલઘણી, પણ ક્ષમ્યગણો નિજ વાચનમાં.

# ઉપોદ્‌ઘાત.

**વાંચનાર** ! તહને **તહારા** આત્માની જરાપણ દયા ન હોય તો વાંચતોના ! અને વાંચેતો વિચાર કરી તહારા **સ્વયંભૂ** આત્માને પૂછજે કે હું કોણ ? મારૂ કર્તવ્ય શું ? ?

**ભૂતકાળ, મહાત્મા**, તેમજ **ઉંચ** વર્ગસમ આદર્શ રૂપ કેવી રીતે થઇ વર્તવું, તેનું સૂચન કરે છે. **ભવિષ્ય કાળ** અનેક પ્રકારની આશાને જન્મ આપી ઝુલાવ્યાં કરે છે. પરંતુ તે બેની વચ્ચે રહેલો **વર્તમાન કાળ**, કાર્ય પ્રવૃત્તિ અને સદ્‌વર્તન ઉપર મોટો આધાર રાખે છે. ભૂતકાળની સ્મૃતિ માત્ર રહે છે. ભવિષ્યની આશા રખાય છે. પણ તે સર્વનો **સંપાદક, સંહારક**, વર્તમાન કાળજ ઉત્તમ હોય છે. માટે દરેક મનુષ્યોનો ખરો ધર્મ એ છે, કે પોતાનો વર્તમાન કાળ **નીતિ** મય **સદ્‌ગુણી** બનાવવો.

દીધો ગુરૂએ બોધ ! જે કોઇ સદ્‌વર્તનને તજશો નહિ;<br>
અંધકાર મય મદ મોહના વિશ્વાસમાં મરશો નહિં.<br>
છે અલ્પ સુખ અંધકારનું જાણી બુઝી ભૂલશો નહિં;<br>
ઝેરી કણીના કવચને અમૃત કદિ ગણાશો નહિ.

**દરેક સભામાં**, દરેક સ્થળે, જન મંડળના ત્રણ વિભાગ કરવામાં આવે છે. **ઉંચ, મધ્યમ**, અને કનિષ્ઠ, આ મંડળોના વખાણ કનો સઘળો બોજો **ઉંચ કાર્ય** ઉપરજ રહે છે સર્વ મનુષ્યો

ઉચનેજ પગલે ચાલે છે. ગીતામાં કહ્યું છે હે ધર્મવિર પાર્થ લોકોના ધર્મનું રક્ષણ કરવા માટે કામ કર. જો કે હું કર્મ ન કરૂં તો મારી પાછળ ચાલનારા લોકો ભ્રષ્ટ થઇ હુ વર્ણસંકરનો કર્તા, પ્રજાને મલીન બનાવનારો ગણાઉં.

નથી વિદ્વતા ! વાપરી જ્ઞાતિ દાઝે,
નથી વાપરી પાઇજો લોક કાજે.
નથી કામ કીધાં જ્ઞાતિ અભિમાની,
વૃથા જન્મ ! ખોયો કરીશી કમાણી.

સુજ્ઞ વાચક ! તોફાની સમુદ્રમાં મુસાફરી કરી બચવા પામેલા મુસાફરોનું ખરૂં કર્તવ્ય શું છે ? બીજા મુસાફરોને ભયંકર ખડકામાંથી ચેતવણી આપી તોફાનામાં મેળવેલા મોભા, અનુભવનો સદ્‌ઉપયોગ કરવો. તેજ પ્રમાણે આ મહાન પુરૂષોની અમૃત વાણીની નીતિમય સુગંધે ચોપાસે વિકસાયલા બગીચામાંથી તોડેલી કળીઓ છે. માટે હીરાની રત્ન જડીત મુદ્રિકાના સોના તરફ ન નિહાળતાં, હીરા સમક્ષ દ્દષ્ટિ કરી, પ્રેમની મીઠી નજર ફેંકી, અવલોકન કરી અંગુલીમાં ધારણ કરવા કૃપા કરશો તોજ આ સેવકના, શ્રમના અપાયલા બાગોથી, જ્ઞાતિ સેવા એજ પ્રભૂ સેવા ! ગણી આનંદ માની અન્ય કૃતિઓ આપની સમક્ષ રજુ કરવાને ઉત્સાહી થઇશ.

आत्मार्थ जीवलोकेऽस्मिन् को न जीवति मानवः ।
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥

આ લોકમાં પોતાને માટે કોણ નથી જીવતું ? સર્વ કોઇ જીવે છે. પણ પારકાને માટે જીવે, તેજ જીવે છે. જેમ ગગનમાં ઘેરાએલા મેઘ આઘ જલને વરસાવી, પૃથ્વીને રસ કસ ફળવતી બનાવે. તેમ ચક્ષુ સહિત અંધકારને દૂર કરવા **નીતિ એજ સર્વોત્તમ રીતિ છે.**

**સંવત** ! ઓગણીસસો આડત્રીસ સાલ વિક્રમની જ્યારે;
આસો વદ બીજ ગુરૂ એ જન્મ પામ્યો હું ત્યારે.
**ફકીરચંદ** મુજ બાપ પૌત્ર ભગવાનજીનો હું;
ભીખાજી છે ! નામ કામ હાર્મોનિયમનું કરૂ છું.
મુંમ્બા પુરી મુજ ધામ છે ફર્તો રત્નાકર ગામનો;
હું **ભાવસાર** જ્ઞાતિએ સેવક સદા શ્રી રામનો,

**મારા** પર પુજ્ય મિત્ર રા. રા. **જમનાદાસ ખુશાલદાસ** "ઉદયન્" નો સંપૂર્ણ ઉપકાર માનવો એ મારી ફરજ છે. તેઓ શ્રીએ આ ગ્રંથ જોઇ પ્રુફ સુધારી આપ્યાં છે માટે તેમનો અતી આભાર પૂર્વક ઉપકાર માન્યા સિવાય રહે તો નથી.

**નીતિ** ! પુષ્પ વીણીને માળ આ મનહર કરી;
અર્પૂ **ભાવસાર** જ્ઞાતિમાં પ્રેમે **લીયો** હૃદયે ધરી.

**આ સૃષ્ટિને વિષે મહાન દેવી દેવો, અને તત્વ જ્ઞાની** પુરૂષો થઇ ગયા છે, થાય છે, અને થશે. તે સવ મહાન પુરૂષોના

ચરણની રજ મારે મસ્તકે ચઢાવી નમન કરૂં છું, કે મારા જેવા **અલ્પમતિ, કમ શક્તિવાન, ભાગ્યહિન**, માણસની આવી સેવા લાભ કારક નીવડશે કે નહિં ? અને આવી સેવા મહારાથી હંમેશ નભાવી શકાશે કે નહિ ? તેની મને શંકા રહે છે. **અસ્તુ !** ગમે તે થાય પણ આ કાર્ય તો જગત પિતા **પ્રભૂના** હસ્તે **સોંપી** મારે. તો મારી **ફરજ** અને ત્યાં લગી **બજાવ્યેજ જવી.**

સંશોધક આપનોછુ.



મીતિ. કાર્તિક સુદિ પ્રતિપદા. ૧૯૭૫

જ્ઞાતિ ચર્ણાવિંદ સેવક.
**ભીખાજી ફકીરચંદ.**
કાલબાદેવી રોડ મુંબઇ.

# " ઐક્યતા. "

અમૃત ! વાણીનું અભિનંદ કયાંથી આવે !
આવે ! આવે ! નીતિ પુષ્પ ગુંથી લાવે.
જુઓ બંધુ ઉન્નતિ આવી કયાંથી ?
હા ! હા ! સર્વ એ બને ઐક્યતાથી.
જુઓ આ કિર્ણો સૂર્યનાં શું કરે છે ?
ધીમે ધીમે અંધકારને તે હરે છે.
આવે ઝાઝું તેજ આ નીતિમાંથી;
હા ! હા ! સર્વ એ બને ઐક્યતાથી.
માટે જ્ઞાતિ બંધુઓ કાંઇ વિચારો;
ધરો હૃદયે ઐક્યતાના પ્રચારો.
થાએ જેથી ઉદય સન્માન શાંતિ;
હા ! હા ! સર્વ એ બને ઐક્યતાથી

ભૂલી જશે જવ ભિન્નતાને ઐક્યનો રંગ જામશે,
કુસંપ, કુચાલ, ટળી જતાં જ્ઞાતિ ઉદય તવ પામશે.
નિજ ધર્મ ધારા રાખીને સુ સંપથી જવ વર્તશે,
શોભાવશે અમ કાશ્યપ ! ગોત્ર તવ વૃદ્ધિ જ્ઞાતિની થશે

हरि  नमः

"સત્યે જય" "સ્વધર્મે શ્રય"

## નીતિ એજ સર્વોત્તમ રીતિ છે !

**જેની** મૂર્તિ દિશા અને કાલ વગેરેથી અવ્યાપ્ત છે, તે એટલાજ માટે **અનંત** અને **ચૈતન્ય** રૂપ છે, કે જે એકજ **આત્મજ્ઞાનના** સાર રૂપ છે, જે **શાંત** છે, અને **પ્રકાશ રૂપ** છે, તે **પરબ્રહ્મને** હું સાષ્ટાંગ દંડવત **પ્રણામ** કરૂં છું.

**ભાનૂ! નિર્મળ સત્ય તણો જગનાથ પ્રકાશ તમે કરજો,**
**વળી ન્યાય પરાયણ નિર્મળ મનના જ્ઞાતિ આગેવાન થજો**
**સાર ગ્રહીને સત્ય તણો સદ્વક્તા ને વિનયી બનજો;**
**રમ્ય મનોહર જ્ઞાતિ જનના ક્લેશ કુસંપ સહુ ટળજો.**
**જ્ઞાન સુધારસ જ્ઞાતિ સહુના ઉરમાંહી હોંશે ભરજો,**
**તિક્ષણ બુદ્ધિ, સત્ય, ધર્મથી જ્ઞાતિને અભરણ ભરજો.**

**દિવાળીનો** દિવ્ય મંગળમય દિવસ **કેવો** ? જ્યાં જુઓ ત્યાં આનંદ ઉત્સાહની શોભાનું શું પૂછવું ! શોક સંતાપ અને ઉદાસીનતાને **દેશવટો** મળ્યો હોય તેમ જ્યાં જુઓ ત્યાં હરતે ચહેરે નજરે પડતો પેલો પહાડ પર્વતોમાંથી આસ્તે રહી નીયમિત

કાર્યમાં ભળી પ્રેમાદ્ર **સૂર્યનારાયણ** પોતાનું પોત **પ્રકાશી** રહ્યો છે. **આહાહા!** એની કોને દરકાર છે? **છતાં** એનેતો આખી **દુનિઆંની** દરકાર છે.

જ્યાં સત્સંગ! ત્યાં જ્ઞાન છે, જ્યાં સત્ય ત્યાં વિભુ સદા;
જ્યાં શ્વાસ ત્યાં નિશ્ચય શરીર છે, કાર્ય ત્યાં ફળ સર્વદા.
મદ મોહને સહુ પરહરી, જ્ઞાતિ ઐકયતા પર વાળજો;
નિષ્કામ કર્મ આદરી, તમ જીવન અચળ કરાવજો.

**પ્રિય બંધુઓ!** સત્સંગની બલીહારી છે! સત્સંગ એજ મોક્ષનું દ્વાર છે! સદવર્તન એજ અનંત **સૂર્યનું** દિપક છે! દિપકના સંગથી કોડીયું પણ પૂજાય છે! ગંગામાં ગમન કરતુ મલીન જળ પણ સત્સંગે **પવિત્ર** ગણાય છે!

પુરાણ રચતા વ્યાસ! મુનિને મુનિ નારદ મળ્યા જ્યારે;
અભય કરી અમર સુખ આપ્યું નિજપદ જ્ઞાન, થયું ત્યારે.
શમ, દમ, સાધન, સહિત જનક નૃપને ગુરૂ અષ્ટા વક્ર મળ્યા;
નીતિ તત્વનો ઉદય થાતાં જીવ બ્રહ્મના ભેદ ટળ્યા.
ઓધવને અર્જુન જેવા પણ પવિત્ર ગુરૂને શરણે ગયા.
કૃપાવંત શ્રી કૃષ્ણ પ્રભૂએ બ્રહ્મજ્ઞાન દઇ શાંત કર્યા;
ભૂપ પરિક્ષત! તાપ ત્રીવિધથી તપતો કોઇથી નવ તર્યો;
તત્વજ્ઞાન શુકદેવે આપી સાત દિવસમાં મોક્ષ કર્યો.
તત્વજ્ઞાનિ નિર્મલ ગુરૂ વિણ જીવ શીવ તે કેમ થશે;
રજ મૃત્યુથી બચી જવાને પવિત્ર ગુરૂવિણ! કોણ થશે.

સૃષ્ટિનું આદિ **બીજ** સ્વયંભૂ **ઇશ** પ્રાણી માત્રનું મૂળ છે. **ચૈતન્ય** જ્ઞાતા ! અને **પ્રકૃતિ** શ્રેય ! એઓની **ઐકયતા** સિવાય જગતનો કોઈ પણ વ્યવહાર ચાલી શકતો નથી. **ઐકયતા !** એ મહાન **ઈશ્વરી** જ્યોતિ છે, **ઐકયતા** ? સ્વર્ગનો મહાન પ્રકાશિત **તારો** છે, જો આ તેજોમય પ્રકાશ બંધ થાયતો જગ તનું નામ નિશાન પણ નરહે ! **પંચ** મહાભૂત **ઐકયથઇ** મહાન આકૃતિઓ ખડી કરે છે ! **આ** ખડી થએલી આકૃતિ પર **ઈશ્વરી** તેજનો પ્રકાશ પડે છે, ત્યારેજ હું ! અને તું ! એવી ભિન્નતા દૂર થઇ, **જીવ શીવ** રૂપે **બ્રહ્મમાં** તલ્લિન થાય છે. **મહાન** દેવા ત્રિ દેવો ! **સરીતાઓ** ! વૃક્ષો ! જગત વંદનીય પૂજ્ય **ઋષિઓ** એક બીજાને **ઐકય** ! રહી આખા બ્રહ્માંડને **ઐકયતાનો** જપ જપાવી રહ્યા છે. શ્રી કૃષ્ણ પ્રભૂએ ! કહ્યું છે કે **सर्वं खल्विदं ब्रह्म** આ બધું **ઐકય** ! બ્રહ્મ છે ! **આ** સર્વત્ર આત્માનો પ્રકાશ છે છતાં **જીવ** માયામાં લોભાય ! પોતાના સત્ય સ્વરૂપ **શીવને** ભૂલી અનેક જન્મ અંધકારમાં ભટકયાં કરે છે, **અહા ! ઐકયતા !** **ઐકયતા** ! તારા સિવાય **આ** દેહપણ આસ્તિત્વ ભોગવવા અસમર્થ છે ! તારા તેજ સિવાય ભૂમિ સ્મશાન સમાન દેખાય છે ! તુંજ ખરૂં સ્વર્ગ છે ! વેદ સ્મૃતિ તથા પૂરાણો પણ **सर्वात्मवत् भूतषु** નો મહામંત્ર પોકારી ! પોકારી દિવ્ય મધુરા નાદથી ઐકયતા કરી રહ્યા છે.

વાહાલા વિવેકી સુજ્ઞ બંધુ, "નીતિ વિદુર" જોશો જરા,
ચિંતા તજી "ગુરૂમંત્ર" પર તિક્ષણ નજર કરશો જરા.
વીવિધ રંગ કુદરત રૂપી, "ચારૂચર્યામાં" છાંટયા બહુ.
ચાહના ધરી "અમૃત વાણી" પર, નીતિ વિચ.રો શું કહું;
રીઝાવે દીન ભીખાજી, જુવો આ ચતુર્થ પુષ્પમાં;
જોશો! પરિમળ અવનવું, નીજ લક્ષ જ્ઞાતિ ચરણમાં.

દુનિઆમાં! સર્વ મનુષ્યો અધર્મીજ હોય! તો તેનું આતિત્વ કાયમ રહેવું અશક્ય છે, સત્ય વિહિન ધર્મ ધૈર્ય વિહિન ન્યાય, વિવેક વિહિન જ્ઞાન! જીવ વિહિન દેહ! પાત્ર વિહિન અધિકાર, અને સૂર્ય વિહિન પ્રકાશ, જેમ શુન્યવત્ જણાય છે, તેમ સદ્વકતા વિહિન જીવન શુન્યવત્ ગણાય છે.

જોયા "ધર્મ" ને શાસ્ત્રવકત્તા, જોયા વિચારી જ્ઞાની બહુ;
નીતિ તણા વિમાર્ગ વસતા, જોયા સ્વાર્થના ધ્યાની બહુ
જોયા ઘણા ભવિષ્ય વકતા, શસ્ત્ર સાધી સ્વાર્થે સહુ;
જોયો નહિ નીતિ મહીં, વિદુર સમ જ્ઞાની કહું.

અહો! વિશુદ્ધ સત્યનો પ્રભાવ! તહારો આશ્રય લેનારનું ક્યારે અને કોણે ભાગ્યું છે! ઈંદ્રથી પણ અધિક વૈભવ ધારી. કુટીલ જોર હુકમીના મદમાં દુર્યોધને પાંડવોનું સર્વસ્વ હરી લઇ, દ્રાપદી સહિત વનવાસ કરાવ્યો! છતાં અનેક તરેહનાં કષ્ટો સહન કરી ધૈર્યધારી પાંડવો સ્વર્ગગમના સત્યથી ડગ્યા નહિ! તોજ "यतो धर्म ततोजयः" અંતે પાંડવોનો વિજય થયો.

રે ! આંધાધુંધીના પક્ષથી, કિંચિદ્ ફળ જ્યાં નવ મળે;
તે વિશુદ્ધ સત્ય પ્રભાવથી, જ્ઞાતિ ઉદયનો દિન વળે.
નીતિમય વિશુદ્ધ પ્રેમનો, પ્રકાશ જો પ્રસરી રહ્યો:
જો જ્ઞાન હૃદયમાં નવ વસે, તો જીવન સહુ હારી ગયો.

અરેરે ! હું એકલો છું ! અસહાય છું ! કૃશ છું ! પરિવાર હિન છું ! એવા પ્રકારની ચિંતા સદ્કૃત્ય પરાત્મા નંદિત પુરૂષોને તો સ્વપ્નમાં પણ કલ્પના થતી નથી ! એ આશ્ચર્ય છે.

છે દેવ કોટી અનંત કે જેની નથી ગણના થતી;
પણ તંત્ર ચાલક સૃષ્ટિનો વિભુવર એકજ છે પતિ.
આકાશમાં રવિ એક છે ને ધર્મની ગતિ એક છે;
તેમાં જગતનો નાથ તો સત્‌નો સદા વિભૂ એક છે.

**ભાવાર્થ:**-બંધુ ! પુત્ર **પ્રહલાદે** પિતા હિરણ્યકશ્યપના દુરાગ્રહને ધિક્કારતાં **न सत्यात्परमो धर्मः । સત્યને ડરશું ?** પિતા છે તેથી શું ? અખિલ બ્રહ્માંડના પિતા બ્રહ્મા હોય તો પણ **સત્ય** માર્ગે ગમન કરી સત્ય માર્ગ **બતાવવામાં** કાંઇ પણ વાંધો નથી ગમે તેવું **તપ** કર્યું હોય ! ગમે તેવું **જ્ઞાન** સંપાદન કર્યું હોય ! ગમે તેવો **ધર્મ** સાચવ્યો હોય ! પરંતુ **સત્ય** સિવાય સર્વ નકામું છે **સત્ય** એજ **વેદ**, **સત્ય** એજ **મોક્ષ**, અને **સત્ય** એજ પરબ્રહ્મ **પરમાત્મા** છે.

કુદરતની ફરજ ! તમારી અને માહારી જો સમજો તો;
સત્ય દીસે રહેવું સૌ પ્રત્યે અધિકારી એ સમજો તો.
પોષે ને ખીલાવે સુગંધ વળી નિસ્વાર્થ છે વિભૂવર;
કુદરતી કાયદાઓનું જુઓ આકાશ છે શિરપર.

**ન્યાયનું** પ્રબળ ! દયાથી પણ અધિક મહત્તા ભર્યું મનાય છે. ન્યાય અને દયા એક સ્થળે શોભી શકતાં નથી, પરંતુ ન્યાયાંતે દયાનો વારસો ન્યાયના પ્રબળને અધિક દિપ્યમાન કરવાવાળી **અમૂલ્ય** કુદરતી મહાન વસ્તુ છે.

જગ રણના જીવન પંથી જાજો સુમાર્ગની વાટે;
નિહાળો જ્ઞાન નેત્રોથી ન ફસશો મોહની ફાટે.
ફના છે સ્વાર્થની મોહિની ન માલમ શું થશે કાલે !
ગ્રહી સત્યનાં ફળો ઉડજો સકળ દુઃખ વિભૂવર ટાળે.

**સત્યવિર** મનુષ્યો અધર્મને વશ થતા નથી ! તે ગમે તેવી કંગાલ સ્થિતિએ પણ એ ધીકર રહે છે, **સત્યતા** એ પરાપૂર્વથી ચાલતી આવેલી અખૂટ **લક્ષ્મી** છે ! આ લક્ષ્મીનો અંત નથી ! જેમ **વાપરો** ! જેમ **વહેંચો** ! જેમ **કસોટી** પર ચઢાવો ! જેમ **અંગાર** લગાવો ! તેમ અધિકાધિક પ્રકાશી નીકળે છે.

વેદો બતાવે સત્યને ના સ્વાર્થ કે વગસગ મહીં;
દીસે નહિં અંધકારથી કે સત્ય છે નીતિ મહીં.

ચંદન તપે છે તાપમાં પણ ગંધને તજતું નહિં;
સંકટ ભલે પડવા દીઓ પણ સત્યને તજશો નહિં.

સુજ્ઞ વાચક ! જેમ **ભતૃહરિ** ને માટે **વૈરાગ્ય** અભય હતો તેમ આપણે માટે **સદ્દવર્તનજ** અભય છે. **કહો ?** આથી વિશેષ કયું **ધન** છે ? આ **અભય** ધનની કિમત જાણે છે, તેને માટે **સ્વર્ગ** દૂર નથી. **પરમાત્મા** સમીપ છે. આવો **અમૂલ્ય** ચિંતામણી મૂકી, કયો મનુષ્ય કથીરને ચહાશે ?

છે સત્ય સમ **પારસ મણી** નથી દીઠો કો દેશમાં;
આ વચન સર્વ **સાચું** વદું લેજો સરળ વિચારમાં.
**સાચાનો** સાથી **રામ** છે તે મૃત્યુમાં **મરતો** નથી;
મૃત્યુનો ભય તેને હશે જે **સત્યને** ગણતો નથી.

**જો** સંસારની **માયા** ! મેઘમંડળમાં થતા વિજળીના ઝબકારા જેવી જણાય ! જો **લક્ષ્મી** અરણ્યમાં રઝળતી હરિણી જેવી **ચંચળ** જણાય ! જો કાળરૂપ ભમરો મનુષ્યની **આવર્દાને** ચૂસી ખાતો જણાય ! તો પછી આ **સંસારમાં** કયા પ્રાણીનું મન, સત્યના નીતિમય સરળ માર્ગમાં **વિરામ** ન પામે ?

હું કોણ ? **શા** માટે ! આ જગ્ત વિષે આવ્યો અરે !
સજ્જન વિચારે જન્મને સ્વાર્થી લવારા બહુ કરે.
ઇન્સાન બહેરી જાત છે ઇન્સાફ સાચો ના ધરે;
વિચાર વારંવાર ! અયે સ્વધર્મને કાં ભૂલી ફરે.

**સુજ્ઞ** મહાશય ! **સત્યવાદી** છે તે સદૈવ સત્યજ કહી દે છે **નીતિ**માં પારંગત મહાત્મા **વિદુરજીએ** કૌરવોની દ્યુત સભામાં ! પ્રહ્લાદ પુત્ર **વિરોચન** ! અને **સુધન્વાનું** આખ્યાન કહી સંભળાવ્યું કેઃ-જે સભામાં ન્યાયાસને બેસી ધર્મની વાતને અધર્મની સત્તાથી ન્યાયના સરળ માર્ગને, ભળતી તરફ ઘસડી જવામાં આવે તો તે સભા પતિત થઇ, ઘસડનારનો આત્મા, વરૂણના સહસ્ત્ર પાસોથી બંધાઇ જાય છે.

**ભાવ** હૃદયમાં ધરી સત્યનો નિર્મળ કરવો પંચેન્યાય;
**વગસગ** મૂકી સ્વાર્થ પક્ષની તોજ **પ્રભૂ** તુલ્યપંચ કહેવાય
**શા**સ્ત્ર સ્મૃતિ ધર્મ તજી અન્યાય કદાપી ના કરશો,
**રસનાએ** જુઠું બોલીને શ્રીહરિને ના છેતરશો.
**પંચ અગ્રેર** તેજ ખરા કે સ્વાર્થ પક્ષથી નહિં અંજાય,
**ચંદ્રસમ નિસ્વાર્થ** હૃદયથી કરો નામના જ્ઞાતિમાંય.

**આ** સૃષ્ટિમાં ! કોઇ એવું **દૃષ્ટાંત** નથી ? કે જેનો સત્યતા ખાતર પરાભવ થયો હોય ? **સત્ય** તો સ્થળે સ્થળે છવાઇ રહ્યું છે, સત્ય આપણી સંભાળ લેવા **પીઠ** પકડી ફર્યાં કરે છે, છતાં આપણે તેની **ગતિ** વધારી શકતા નથી, આપણે ચક્ષુ સહિત સત્યના પ્રકાશને ઊંધુ દેખીએ છીએ, ત્યારે પીઠ પકડી રહેલું **સત્ય** અફસોસ કરી **નિઃશ્વાસ** નાંખે છે.

અદલ ! ઈન્સાફ છે ત્યાં તો નથી કંઇ પક્ષપાતોમાં;
ગરીબોને તવંગર સહુ જણાતા એક જાતોમાં.
નથી ત્યાં માન મોટાનું કે હાથીએ બેસી ચાલે,
નથી અપમાન રંકોનું કર્યો એક તોલ છે કાળે.

**વિશ્વામિત્રના** ક્રુર કૃત્યે, રાજા **હરિશ્ચંદ્રને** રાજપાટ છોડી ભટકવું પડ્યું. પોતાને અને પોતાની પ્રિય **ભાર્યાને** નીચ ઘેર વેચાવું પડ્યું હતું, છતાં પોતાના **સદ્‌ગુણ** સત્ય અર્થે પ્રથમ **પુત્રનું** બલીદાન, પછી **સ્રીનું**, અંતે **પોતાનું** બલીદાન, આપી અનેક **કષ્ટો** ઉઠાવવામાં જરા પણ પશ્ચાત પડ્યો નહિં **અહો !** **સત્ય** સારૂ મારા જેવા સહસ્ત્ર **હરિશ્ચંદ્રનાં** બલીદાન થાઓ, પરંતુ **सत्य अखंड प्रकाशे छे ते सदा प्रकाशो** તેજ **લક્ષ્મીકાંતે** હરિશ્ચંદ્રનો વિજય કરી ક્રુર વિશ્વામિત્રના તપનો નાશ કર્યો.

ઘર ગામને વળી પ્રાણ ત્યાગ્યો સત્યને ત્યાગ્યો નહિ;
વેચી કુટુંબ નીજ નીચ હાથે પણ **સત્યથી** ડગ્યો નહિં.
ઋષિ દેણુને પુરૂં કરી હરિશ્ચંદ્ર પણ વેચાય છે;
તે માનવી છે જાણવું જેનું **સત્ય** ભરપુર છે.

**જીવન** એટલે શું ? ખાઇ પી આંધાધુંધીએ સંસાર નીભવવો તેને **જીવન** કહેશો ? ખોટા આડંબરી માયાના અતૂલ **ભોગો** ભોગવીશું તેને **જીવન** કહેશો ? ગમે તેવા પોલીટીકલ કળા કૌશલ્યથી દરિઆમાં જોડા પહેરી ચાલે તેવાને **જીવન** કહીશું ? ત્યારે **જીવન** કોને ગણીશું ?

ગયું ક્યાં એહ **જીવન** સંસાર ગૃહને તારતા;
ગયું ક્યાં એહ **જીવન** જ્ઞાતિ બંધુની ઐક્યતા.
ગયું ક્યાં એહ **જીવન** ઇન્સાફ સત્યથી પાળતા;
હશે ક્યાં જીવન એહ નિષ્પક્ષપાતે બોલતા.

**પ્રિયબંધુ ! આંધાધુંધી** એ આપણા જીવનની મહત્તા ગણાતી હોય તો જીવન શબ્દપર દૃષ્ટિ ફેંકી વિચાર કરો. આપણું **જીવન** સંબોધીને શું કહે છે ? **જીવ+ન** નજીવ એવા સંકુચિત વિચારોમાં નથી લેવાતું. એ **શબ્દ** તો **અતી સૂક્ષ્મ** પણ **સત્કૃત્ય** સૂચક ગૂઢ છે, માર્ગ વિકટ છે, સ્વદેશ અવિશ્રૂત છે, અને કાળ નિમગ્ન છે.

સત્ય વિણ **જીવન** વૃથા ને સત્યવિણ સભાય શું ?
સત્ય વિણ આ જગતમાં દુર્લભ વસ્તુમાં સાર શું ?
ત્રિલોકનું પણ રાજ્ય જેની આગળ ડુલ છે,
સૃષ્ટિ વિષે જો સત્ય રૂપી ચીજ કંઈ અમૂલ્ય છે.

હે ! કંગાલ **મન** ! તું શા માટે સ્વાર્થના મલીન વિચારોની અપેક્ષા રાખે છે, **શું** ? સત્યનો **અચળ** કાયદો કોઇને પણ મૂકે તેમ છે ? કદાચ આંધાધુંધીનો વિજય થયો તો તેથી શું ? **વિજળી**નો પ્રકાશ ક્યાં સુધી રહી શકશે, **પતંગ**ના રંગ ક્યાં સુધી ટકી શકશે. **મનના** તરંગો ક્યાં સુધી નભી શકશે ? **અહાહા !** અજાયબ જેવું એ છે કે, **કલી**ના તોફાની પવનમા લાખો જીવોની **જીંદગીમાં** એક પળ પણ **જીવનને** ઉચિતના સ્વધર્મના **સત્ય** માર્ગે જવા દે.

નિષ્પક્ષપાત ! વિશાળ દર્પણ સત્ય છે આ વિશ્વમાં;
માટે વિચારી ધૈર્ય ધારી ન્યાયી બનો આ જગતમાં.
અંધકારથી ડરનારનું જેની હજુરમાં માન છે;
સત્કર્મથી વખણાય છે દુષ્કર્મથી નિંદાય છે.

**વિશ્વ** પરિવર્તનશીલ છે, મનુષ્યની વૃત્તિઓ સ્વાથના આડંબરી વિચારોમાં ચલીત છે, ખૂદ **પ્રકૃતિ** પણ અચળ નથી, કાળના પ્રવાહમાં દરેક જણને ઘસડાવું પડે છે, અને એ પ્રવાહમાં **વિચાર** શીલ સદવર્તની મહાન નરોના **સુવર્ણ** અંકિત સ્મરણીય નામ અને કામ ઉપર જગત **ચિરં**કાળ વાહ વાહ બોલે છે.

આજ કાલ કે પચીસ પચાસ વર્ષો બધાં વીતી જશે !
દેખાય છે જે આંખથી તે સર્વ માટીમાં જશે !
આ મોહમયી સંસારમાં જોશો ભલા શું રહી જશે !
જલ બીંબ સમ સંસારમાં લય એક દિવસ થઇ જશે.

**મહાન** તત્વ, ધરાવનાર સત્યનો પ્રકાશ પ્રગટી નીકળે છે, ત્યારે અધર્મનો નાશ થાય છે. આહા ! એવું કયું હથીઆર છે કે સત્યનો નાશ કરી શકે ? **સત્ય** એક **પારસ** મણી છે, જેનું ચૂર્ણ કરવા હિંમત કરનાર **લોખંડ** પણ **સોનું** બની જાય છે, અરણ્યમાં વસતાં કાષ્ટ પણ **ચંદનના** સંગથી ચંદન બની જાય છે, તો પછી **મનુષ્ય** કેમ ન બને ?

સત્ય બંસી વિભૂ ! રેલજે અમહૃદય તાર હલાવજે;
ઉર ધર્મ ધારા ઉતારજે વિવેક ન્યાય ભણાવજે.
તુજ ન્યાય સુરથી સદા અંધકાર અમ વિલાવજે;
ફરી સત્ય શમતા પ્રેમ જ્ઞાતિ ઉરમાં તું ઉતારજે.

હે ! પાર્થ ! આ જગત્‌માં ધર્માત્માઓને **સત્યનું** રક્ષણ કરતાં, ધર્મ વિરોનું કલ્યાણ કરતાં, અને સંક્ષિપ્તમાં પરોપકારી કાર્યમાં વિચરતા, **અધર્મ**ના યજ્ઞ કુંડમાં પોતાના **દેહનું** બલીદાન આપવું પડે તો શું ? દેહ તો અવશ્ય નાશ થવાનોજ, તો પછી પોતાના **સ્વધર્મના** સત્યમાર્ગે વિચરતાં કાંઇપણ વાંધો નથી.

થયા જે ખાખથી પેદા થવાના ખાખમાં ભેગા;
જવું સ્વધર્મની વાટે પછી સંકટ સહ્યું તો શું ?
કરીને જ્ઞાનનું મર્દન ચઢાવી ચેતના ચંદન;
ગયું કદિ સર્વ ધન તો શું ? તપોવન નારહ્યું તો શું ?
કુહાડો કાળનો કૂડો કરે છે સર્વનો ચૂરો !
પછી સદ્‌કાર્યને કરતાં જીવન પાપી હરે તો શું ?

**આ** દુનિઆમાં ! **દુઃખ** એ સર્વોત્તમ **સુખનું** મૂળ છે ! **જો** આવેલાં દુઃખોને મનુષ્ય ધારે તો તે કષ્ટો ઘણાં કિંમતી બનાવી શકે છે. **કષ્ટ** આત્મશ્રેયનો અમૂલ્ય અભ્યાસ નથી શિખવી શકતો ? **સુદામા** પ્રભૂના ભક્ત હતા, સત્યતાના પ્રેમનો **મીઠો** પ્રવાહ તેમના હૃદયમાં ધમધોકાર વહેતો હતો. જ્યારે **અતુલ્ય** દારિદ્રતાના

કષ્ટે ને ધૈર્ય ધારી **પ્રભૂના** સત્ય પ્રવાહથી ચૂકયે નહિં, તોજ પ્રભૂએ દારિદ્રતા દૂર કરી અચળ ધામ આપ્યું હતું. તેવીજ રીતે **અખૂટ** દિવ્ય નાદથી મશગુલ થએલાં **મીરાંબાઇને** ઝેરનો પ્યાલો **અમૃત રૂપ** થઈ પડયો હતો, એ વાત શું ? સત્ય વિર મનુષ્યોને અસત્ય ભાસે તેમ છે ? ખરૂં છે કે સત્યના પ્રવાહ પાસે વિષ અમૃતની ગરજ સારે છે.

**નહિં સત્યથી સંકટ વધ્યું સંકટમાં સત્ય પૂજાય છે;**
**તે સત્યથી સહુ સંકટો બળીભસ્મ થાતાં જાય છે.**
**વાગી રહ્યા છે નાદજો નીતિ મહીં ઉદ્દગારના;**
**તો પણ કહે શાકારણે જોતું વિસારે દુઃખમાં,**

**નાગર** જ્ઞાતિના **દિવ્ય ! મણી ! નરસિંહ !** મહેતાની વાતથી ભાગ્યેજ કોઈ અજાણ્યું હશે ? નરસિંહ પાસે વિશેષ ધન નહતું તેનું હૃદયબળ સાક્ષીભૂત હતું ! જ્યારે બીજી તરફ ઇર્ષાખોર નાગરો કપટની **જાળ** પાથરી અનેક કષ્ટો આપવા પછાત પડયા નહિં. **અધર્મ** રૂપી દાવાનળના **પ્રચંડ** ભભૂકાથી નાગરોનો પરાજય, થયો અને નસિંહ મહેતાનું માન જગમાં અમર ગવાયું. **દશરથ** રાજાએ કૈકેયીને વચન આપ્યું, કૈકેયીએ તેજ વચનનો અધર્મે ઉપયોગ કર્યો, **દશરથે** સત્ય પાળ્યું, તોજ **રામને** અભિરામ થયો.

**પ્રિય** વાચક ! સાધારણ સંયોગમાં કદિ જીવનને **જીવિત** બનાવી શકાતું નથી ! હૃદયગત મહા અનુભવોજ મનુષ્યોના પ્રસંગોમાંથી અનેક કષ્ટોજ જીવનને જીવિત આત્મા હૃદયને સાધી શકે છે, તેજ અચળ જીવન રહી જાય છે.

ભોળા જીગર જોને અરે તુજ કોણ છે આ જગતમાં ?
તારૂં ન કો ! શાને તું મોહ ! આ સ્વાર્થ ના આસકતમાં.
સ્વાર્થી ખુશામત સહુ કો કરી કીર્તિ તારી ભાખશે !
પણ સત્ય પ્રણુથી છે વિભૂ તે વિણુ ન તારૂં કો થશે.

**જો** ! લોભ, અધિક હોય તો **નિસ્વાર્થ** પણાની શું જરૂર છે? જો અધર્મ રક્ષવા લાયક હોય તો પાપનું શું કામ છે? **જો** સદ્-વર્તન **હોય** તો તપનું પ્રયોજન શું ? જો **મન** પવિત્ર છે તો તિર્થોનું પ્રયોજન શું? જો **સદ્ગ્રકતા** છે તો ધનનું પ્રયોજન શું? અને જો જીવન **જીવિત** હોય તો મૃત્યુનો ભય શું ?

કપટ, કુસંપ, કુચાલે થયાં પુરાં મલીન અંતર,
લીલાં ફળદાયી વૃક્ષો પણ થયાં ફળહિન નિરંતર.
નિસ્વાર્થના યોગી ગયા ઈર્ષા થકી માર્યા,
પ્રપંચી લોકના પાસા પ્રબળ છે ઝેરની માયા.
ચંડાળને ઘર કુશળતા ધર્મી તણે ઘર ધાડ છે,
ડગલું ભરો જન જોઇને કાંટા ભરેલી વાડ છે.
જ્વાળામુખી સમ દેશ આખો પાપથી સળગી રહયો,
લાજ હરિ તુજ હાથમાં જન વૃંદ તો ત્રાસી ગયો.

**પ્રચંડ** કળી ! તહારો શો ? પ્રભાવ ? આસુરી માયા **અધમને** ખરા જીગરથી ચહાય છે, મહાન કિલ્લાઓ તોડે છે, મોટા પર્વતો ઉપર ઉત્પન્ન થતાં લીલાં વૃક્ષો જે સદા પરોપકાર માટે પોતાનાં મૂળીઆં સહિત ભોગ આપે છે, તેવાં નિર્દોષ વૃક્ષ પણ અધર્મની પ્રચંડ આગથી બળી **ભસ્મ** થઇ જાય છે. **ત્યારેજ વાડ** ચીભડાં ગળે ! **ન થવાનું** થાય ! **ન દેખેલું** દ્દષ્ટિગોચર થાય ! કોઇ મરે છે, કોઈ ચડે છે, અને કોઇ પરાયો માલ હજમ કરી, મુછપર તાવ દેતો ઉભો રહે છે. હાથમાં તેના મોંમાં અને મારે તેની તરવાર.

આ ! વિશ્વ નાટકની બધી એ ભૂમિકા ભજવાય છે;
ના ભૂમિકા કરી પૂણ અંતે જવનિકામાં જાય છે.
દેખાઇ આવે સ્પષ્ટ ખોટો સર્વ મોહ સંસારનો;
વિશ્વમાં અવિચળ સત્ય છે આધાર જગદાધારનો.

અફસોસ ! આવી સ્થિતિ થાય એજ દુનિઆંનો અંત ! ધરણીનો છેડો ! **ત્યારેજ** ગોળમાંથી ગળપણ ! ધાન્યમાંથી **મીઠાશ**! અમૃતમાંથી **અમી** ! વહાલાંમાંથી **હેત** ! અને દેવમાંથી દૈવત્ વિજળીના ઝબકારા પેઠે જોત જોતામાં ચાલ્યું જાય છે.

અરે મસ્તાન મન ! તું તો હણે નિર્બળ અયે વહાલા;
કરાવ્યા છે ઘણા ફેરા અરે મસ્તાન મન હાલા.

નથી તુજ સાથમાં શ્રદ્ધા મને સપડાવી તુજ પક્ષે;
પરંતુ શું ? કરે ત્યાં તું જ્યાં સ્વાત્મા મને રક્ષે.

હે કરૂ નંદન ! લોભ, મદ, અને **અભિમાન** લુબ્ધ સ્વાર્થને ગ્રાસે છે ! તેનો **વિચાર** કરો, મનની ચંચળતાના વેગને કાબુમાં ધરી કુટીલ પ્રંપચોથી ચેતન **થાઓ** ! સુખથી મલકાઓ નહિં ! દુઃખથી વિમાસશો નહિ ! સુખ દુઃખ આપણે માટે **નિયત** છે ! જો કે **પાંડવો** દુઃખ, ઉંઘ, થાક, મદ, **મોહ**, ઇર્ષા અને **શોકનો** **પરાજય** કરી, ધર્મવિર મનુષ્યોને ઉચિત સુખને આનંદ માને છે.

આ જીવન રૂપી વેલતો ઇર્ષા કીડે સુકાય છે;
ઇર્ષા તણો મહારોગ જે સદ્‌વર્તન થકી જાય છે.
ઇર્ષા તજી નિસ્વાર્થ લગની જો લગાડે ભ્રાતતું;
વિશ્વે વિજય તારો થશે લે બાંધી પ્રભૂથી જ્ઞાતનું.

હે ભારત વંશ ! **ઇશ્વરકૃપા** પ્રસાદીનો સદઉપયોગ કર ! **દેહ** નાશવંત છે ! **લક્ષ્મી** ચંચળ છે ! **સમય** સદૈવ સાનુકળ હોતો **નથી** ! આજનો **સમય** મનોહર **વિણાના** શબ્દ સાંભળવાનો છે ! કાલનો **સમય** હાય ! હાય ! જેવું ભયાનક રૂદન સાંભળવાનો નહિં **થશે** ! તેની શું ખાત્રી ? તેનો **નિશ્ચય** કરો.

સદ્‌કાર્યને સંતોષથી જગે પરિમળ પુષ્પથા;
અધિકારી એ ઈન્સાફમાં સ્વાત્મ ભાવે ડુલથા.
આત્મ ભાવે ડુલથા નીતિ બગીચે ફૂલથા.
નિસ્વાર્થ કાર્યો આદરી શાંતિ સુખે મશગુલ થા?

જ્યારે અન્યાયનું બળ વધી અધર્મનો પક્ષ લઈ સત્યને ગુંગળાવી નાંખે છે, ત્યારે પરાજીત થએલ **સત્યની** ભસ્મમાંથી એક એવું દિવ્ય સર્કુલીંગ પ્રગટી નીકળે છે. જેની જવાળામાં આખરે. અધર્મ અનીતિનો ક્ષય થાય છે. તેજ પ્રમાણે પ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રમાં જે જે પુરૂષોએ કાંઇપણ મહત્તા અચળ કરી છે તે સત્યને પ્રકાશમાં મૂકવાથીજ થઇ છે.

જ્યારે અધર્મ અનીતિ જામે ભકતાર્થ તું દેહધરેઃ
અધર્મ કાપી સુધર્મ સ્થાપે દીન ભકતો પરતું કર ધરે.

પ્રિય વાચક ! આ દુનિઆ **દોરંગી** છે ! દોઃ બે દહીં દૂધ મિશ્રિત ! રંગીઃ રીતવાળી ! રંગવાળી એટલે સદ્‌પુરૂષો પર આળ ચઢાવનારી ! **दोरंगी**ः જેનો ભરૂંસો નહિં થઈ શકે તેવી ત્યારે આવી રંગીલી દુનિઆં કોઇને પણ મૂકે તેમ છે ? **અહા !** આવું હોય ત્યાં ઉપનષદ્ અને શાસ્ત્ર, સ્મૃતિ જેવાં વિશુદ્ધ તત્વો લુપ્ત પ્રાય થઈ, તેનું સ્થાન માત્ર અર્થહિન આચારોને આભારી થઇ હેતુ શુન્ય વિધિલે તેમાં આશ્ચય શું ?

રંગીકું નારંગી કહેવે આતીકું કહે નાવ;
ચલતીકું કહે ગાડી દોરંગી દુનિઆ આડી હે
મીઠેકો ખુરા કહેવે ખારેકો કહે મીઠા
પાલીકો કહે વાઢી દોરંગી દુનિયા આડી હે
વાઢીકો પાલી કહે કરનેકો નોકર કહે
સાફી જો રહે ગંદી દોરંગી દુનિઆ અંધી. હે

**निंदन्तु नीनि निपूणा यदि या स्तुवन्तु ॥** પંડિતો નિંદાકે સ્તુતિ ગમે તે કરે પણ **ધિરવિર** સદ્પુરૂષો **સર્વના** કલ્યાણ માટે પોતે અનેક કષ્ટ વેઠી લોકો ઉપર **ઉપકાર** કરેજ જાય છે. **અહા** ! તેઓ કહે છે કે, આ **સંસાર** આપણું **ધર્મક્ષેત્ર** છે. આપણા શિક્ષણનું **દર્પણ** છે. અત્રેની નાના પ્રકારની કસોટી-માંથી પસાર થઇ, **સદ્વર્તનનેજ** પ્રાપ્ત કરી, અનંત કાળ સુધી આપણી સંગાથે **જાગૃત** રહે, તેટલાજ માટે **દયાળુ** પ્રભૂએ આપણને માનવ **રત્ન** બક્ષ્યું છે.

ચાલ્યો ! ગયો સો વખ્ત ને વળી બાળ વય રમતાં ગઇ;
આશા તૃષ્ણાના પાસમાં વય તરૂણ પણ વિતિ ગઇ.
દે લોભ મોહ વિસારીને તજી સ્વાર્થને વળી ક્રોધને;
હું કોણ છું એવું હૃદયમાં મુજ્ઞ મનતું ખોજને.

અરેરે ! આશા ! એ અભાગીણી તૃષ્ણા ! તું આટલી બધી અંધારી કેમ થઇ ! હા ! આશા પૂર્વકાળે નિર્લજ સ્થાનોમાં ભટકતી હતી ! તે શું ? ભૂલી ગઈ ! હાય આશા ! હવે તું વિચિત્ર લોઢાની સાંકળ કેમ થઇ હશે ? અહા ! તૃષ્ણા ! હજુ પણ તહારી માળ જપનારા પતંગને દિપક ઉપર ધસડાતાં નહિં બચાવે ? પ્રબળ દેવી ! એ દેવી ! હવે તો શાંતથા કાળ બદલાયો તેનું સ્મરણ કર ! ભૂલ્યા ધર્મનું ભાન કરાવ ! તહારા ઉપાસકોને બંધનથી મૂકત કર ! તહારા સેવક પર દયા કર !

જોઈ ઘનઘમંડશું ! ચાતક હૃદય આશા ખોટી કરે;
નહિં જાણે તું તો પવનમાં વૃષ્ટિનું ચક્ર ફર્યાં કરે.
આશા તુજ હૃદયની ચાતક નિરાશા થઈ જશે;
અરે જેથી હસ્તો પવન પલમાં તેને લઈ જશે.
માટે સમજને માનવી આશા લોખંડની ખાણ છે;
કરે છે જીવન ધૂળ રૂપ આશા ખરેખર ભૂત છે.

હે પાથ ! આત્મજ્ઞાનીને પરલોકનો અને મૃત્યુનો ભય હોતો નથી ! બ્રહ્મા અને ઇંદ્રાદિ દેવો પણ આત્મજ્ઞાનીને જોઇ પસ્તાય છે. કારણ કે તેઓ એ પરમ પદને ન પામતાં બ્રહ્મલોક અને સ્વર્ગાદિ લાભના અનિત્ય સુખમાં લીન થઇ ખરૂં સુખ ગુમાવ્યું !

ભરીને ભાવનાં ભાથાં સજો સહુ ઐકયતા ભ્રાતા;
રહો સંપે ભર્યા રાતા બધાને પ્રાણથી ચહાતા.

ગણીને આત્મવત્ મિત્રો ભુંસીને સ્વાર્થનાં ચિત્રો;
કુસંપનાં બંધનો કાપો સત્યના માર્ગને માપો.
ઉખેડી ઝેરના પાયા પઢાવી ઐકયની શાતા;
પ્રભૂનો પ્રેમ રસ પાતા ગણાઓ ને ખરા જ્ઞાતા.

યુવનાશ્વના પુત્ર **માંધાતાને!** **અંગીરા** કુળના **ઉતથ્ય** ઋષિએ ઉપદેશ આપ્યો હતો કે જેને **સભાનો અધિકાર** પ્રાપ્ત થાય તે મનગમતી રીતે **વર્તન** કરવા માટે નથી, પણ **સદ્ધર્મનું પ્રતિપાલન** કરવા **અર્થેજ** છે. જન મંડળના **અધિકારીઓ** જનોનું **રક્ષણ** કર્તા છે, તે સદ્‌**માર્ગે** વર્તે તો પૃથ્વી ઉપર સાક્ષાત **ઇશ્વરની** પેઠે **પૂજાય** છે. અને અધર્મને માર્ગે ચાલે તો અધો-ગતિએ જાય છે. જન મંડળનો આધાર **ઉંચ સદ્‌વકતા** ઉપર હોય છે. અધર્મીઓને શાસન કરવાનો પોતાનો ધર્મ **અધિકારી** ભૂલી જાય તો **દેવો** તે સભા તજી ચાલ્યા જાય છે. અને તે લોકોમાં નિંદાય છે.

સુજ્ઞ સભા જન મંડળમાં કહિ ઉત્તમ સ્થાન મળે જગમાં;
સદ્ધર્મ તણું કરીને પ્રતિપાલન ન્યાય નીતિને ધરો મનમાં
પ્રત્યેક સભા જનનાં સુખનું કંઈ સત્ય તણું ઉર ધ્યાન ધરો;
મોટાઇનું મળે માન પછી નીજ મોટાઇથી જન કષ્ટ હરો.
ચીરંકાળ રહે કીર્તિ ઝળકી જન લાભ તણાં કંઇ કાર્ય કરો.
કુસંપ કુચાલ તજી મનથી જ્ઞાતિ મહીં ઐકયતાને ધરો.

આ સંસારમાં ! શાસ્ત્ર પૂરાણો કોણ નથી સાંભળતાં ? સવ સાંભળે છે. જ્યારે રામાયણના ઉત્તર કાંડ આવે છે ત્યારે નિદ્રા આવે છે ! અને જ્યારે યુદ્ધ કાંડ આવે ત્યારે કર્ણ ખુલ્લા થઇ નેત્રો ઉઘડી જાય છે. અહો ! શાસ્ત્ર પૂરાણો સમજનારા તો કોઇક વિરલાજ હશે !

તિલક કરતાં ત્રેપન વહ્યાં જપ માળાનાં નાકાં ગયાં,
કથા સુણી સુણી ફૂટયા કાન તોયન આવ્યું બ્રમજ્ઞાન.
સાંભળ્યું કંઇને સમજ્યાકશું મૂકી હીરોને ઉપાડયુંકશું,
અખા ગુરૂ શું મૂકે પાર જેના શિષ્ય ગર્ધભ ગુરૂ કુંભાર.

વ્યાસના પુત્ર શુકદેવજીએ ! રાજા પરિક્ષત ને ભાગવત સંભળાવ્યું હતું. ત્યારે તેની પાસે સેંકડો લોકો બેઠા હશે ! છતાં એકલા રાજા પરિક્ષતનીજ ગતિ થઇ. જોકે સાંભળી વિચારી તત્વ ગ્રહણ કીધો તોજ પરમપદને પામ્યા નહિં તો ભેંસ આગળ ભાગવત. શાસ્ત્ર પૂરાણ સાંભળી કાંઇ પણ આત્મ તત્વનો પ્રકાશ ન સમજાયો તો પછી કરેલા શ્રમનો લાભ શો ?

ભૂલેલા ! ઓ મુસાફર જો અજલ આવ્યે થવાનું શુ?
નજર કંઇ કાર્યની કરજે હવે લઇને જવાનો શું ?
ભણ્યા બહુ પાઠ દુનિઆના હજારો આફતો વેઠી;

ખરા કંઇ સત્યનું એકેન પાનુ વાંચવાનુ શું?
સુતા બુદ્ધિ કરી બુઠ્ઠી પ્રભુ શક્તિ રહી રૂડી;
ગુમાવી હાથનો હીરો લીધું કંઇ તારવાનું શું?

મહાત્મા ! ભિષ્મે યુધિષ્ઠિરને કહ્યું કે **નીતિનો** વિષય **ગહન** છે. હું તને માત્ર **વેદના અર્થથી બોધ** કરૂં છું એટલુંજ નહિં. પણ **જ્ઞાન** અને **અનુભવની દૃષ્ટિથી જો**તાં કોઇ અમૂક પક્ષને માટે સ્થાપિત કરેલી **નીતિ** કાંઇ **પ્રમાણ રૂપ** ગણાતી નથી, જો કે વધ કરવા યોગ્ય નહિં છતાં કોઇ માણસનો વધ કરવામાં આવે તેથી જેટલુ પાપ બંધાય છે, તેટલુંજ પાપ વધ કરવા યોગ્ય માણસનો **બચાવ** કરવામાં આવે તેથી બંધાય છે. જો એમ નથાય તો **પ્રજા** વર્ગ નિરંકુશ થઇ વરૂઓની મારફ ભટક્યાં કરશે, **અનાથોનો** ઘાત કરશે, એક બીજાનો નાશ કરી પોતાનુંજ **પોષણ** કરશે.

જીના હે ઉન્હીકા ભલા જો દુનઆંકે લીએ જીએ;
મરના હે ઉન્હીકા ભલા જો અપને લીએ જીએ.

હે **સદ્વકતા** એમાં શ્રેષ્ટ ? દુર્જન મનુષ્ય શું નથી કરતા, **મણીથી** શોભાનો, **સર્વાંગે** વિષથી ભરેલો સર્પ શું ભયંકર નથી ? તેને મર્યાદા હોતી નથી ! સર્વ પ્રાણીઓ પર નિર્દય પણું ! સ્વાર્થમાં **પ્રિતિ** ! પરધનની ઇચ્છા ! વિના કારણે કલહ ! અને **સદ્વર્તની** ઓનું રૂડું સદન નકરવું તેવા વિષના અંધકારથી ઘેરાએલા દુર્જન મનુષ્યની નજરે પડેલા પુરૂષોને ક્યું **સુખ** મળનાર છે?

સજજન બીન દુરજન કહાં તેજ બીન ભુપ કહાં,
લાંછન બીન રૂપ કહાં ત્રોયાકો બખાનવો.
સત્ય બીન ધર્મ કહાં જ્ઞાન બીન મોક્ષ કહાં,
સપુત બીન પુત કહાં ડુબ્યો કુલ જાણવો.
દીલબીન દાન કહાં કપટી બીન હેત કહાં,
સદ્કાર્ય વિણ જીવન પશુવત પીછાણવો.

આખા દિવસની ! સાઠ ઘડીમાં અનેક કાર્યોમાં વખતનો ભોગ અપાતાં મનુષ્યો એક ઘડી કે અર્ધી ઘડી પણ ધાર્મિક શાસ્ત્રનું અધ્યયન નજ કરતા હોય તો તેઓને મનુષ્યરૂપે પશુજ સમજવા.

મનુષ્ય જન્મ ઉત્તમ ધરી શાસ્ત્ર સ્મૃતિ ન જોઇ.
ઘાંચી કેરા બળદ સમ ફરી ફરી જીવ ખોઇ.

પતિવ્રતા સદ્ભાષણ કરે તેજ પત્નિ છે ! પિતાને સુખ આપે તેજ પુત્ર છે ! સત્યથી પૂર્ણ પ્રકાશિત હોય તેજ ગુરૂ છે ! અને જે સભામાં દુષ્ટોને દંડ છે તેજ સભા પ્રભુ તુલ્ય છે ! એમ પ્રાચીન કાળના પ્રસિદ્ધ વક્તા મુનિઓ કહે છે.

પરિમળ ! પુષ્પ આ તહારી પ્રફુલ્લિત સુગંધીઓ શું?
રીઝાવે સર્વ પ્રાણીને સત્ય સુગંધ ભરી છે શું?
ખીલે તુજ સુગંધી જ્યારે સત્ય અંતર ખીલે ત્યારે;
બીડાઇને ખરી જાતાં દ્રવે મુજ દિલડું ત્યારે.
હશે કો દિલથી દુઃખીઆ ફસેલા મોહમાં વળતાં:
વળી મુજ સમ અહાહા ! રંકો સદા કરજે તુમાં ઠરતાં.

**ભગવાન મનુ** ! કહે છે કે દુનિઆમાં જે **પોતાના સદ્કા-ર્યોથી** પૃથ્વીને શોભાવે છે ! તે સર્વ **સિદ્ધિ** મેળવી **ઉત્તમ** પુરૂષ ગણાય છે ! જે મનુષ્ય **પિતાની સમૃદ્ધિથી પ્રકાશે છે** તે **મધ્યમ** કહેવાય છે ! જે માતાના **દૈવતથી** ઓળખાય તે અધમ ગણાય છે ! અને જે સ્ત્રીના આશ્રયથી **કીર્તિ** મેળવે છે તેઓ અધમા-ધમ હોવાથી **ભૂમિ** પણ લજવાય છે.

પુત કપુત કુચાલ નાર કુટીલ પડોશી લજાવન સાળો;
ભાઈભટુક પુરોહિત લંપટ ગુરૂ ગમાર હાકેમ ચુંકારો.
સ્વાર્થી મિત્ર કઠોરહિ કુપતિ રંગ કુરંગ અતીત ધુતારો;
કવિગંગ કહે સુનો શાહ અકબર એ બારહી સમુંદ્રમેં ડારો.

**હજારો** ! તારાના તેજનો સમુદાય **અંધકારને દુર** કરી શકતો નથી ! પરંતુ એકજ **ચંદ્રમાના** પ્રકાશથી અંધકાર દૂર પળાય છે. તેમ એકજ **વિદ્વાન** સુલક્ષણ **સત્પુત્ર** ઉત્પન્ન થવાથી આખા કુળનો **ઉદ્ધાર** કરી જગતમાં **પૂજ્ય** ગણાય છે. અને જેમ એક સુકું ઝાડ અગ્નિથી સળગતાં આખું વન બળી **ભસ્મ** થાય છે. તેમ કુળમાં એક પણ કુપુત્ર ઉત્પન્ન થતાં સમગ્ર કુળનો **નાશ** કરી અધોગતીએ પહોંચાડે છે.

ચિત્રકાર શું ! ચિતરે મનની તરંગી તસવીર
મનના તરંગો ચાર દિ કહી ગયા સંત કબીર.
આશ હોય સ્વાર્થે કદિ લોભથી શું થાય;
પણ નિસ્વાર્થી કાર્યથી નીતિ ધર્મ રચાય.

આહા ! હા ! કનક અને કાન્તા તારૂં મહાત્મ કોણ કહી શકે તેમ છે ? જેના પાસે ઘણું ધન છે, તે માણસ કદિ બ્રહ્મહત્યા કરનાર હોય તો પણ પૂજાય છે, અને ચંદ્રના જેવો ઉજવળ સદ્ગુણી નિર્ધન હોય તો સર્વથી પરાજય પામે છે. અહા ! હા ! કુદરત ! કુદરત ! તારી ભવ્ય શકિત અજબ છે.

કાંતા ! અને કનક ! મહિ દુનિયા બધી છે આંધળી;
છે શ્વાસ કાયમ ત્યાં સુધી લોભી તણે લાગે ગળી.
લોકો રડે છે સ્વાર્થને કોઈ જીવને રોતું નથી;
દુ:ખીઆ તણા ઇન્સાફને કોઇ ધ્યાનમાં ધરતું નથી.

પરમ વૈરાગ્યવાન મહાત્મા ભર્તૃહરિનાનજ વાકયથી કોઈ અજાણ્યું તો નહિંજ હશે ? તેઓ કહે છે કે જેને પોતાના જીવનની એક વર્ષની મુસાફરીમાં બધે ઋતુઓનો વિચાર પૂર્વક અનુભવ કરીને કાંઇ સુખ મેળવ્યું તેણે સઘળું જોઇ લીધું છે. કેમકે તેવાંજ અનેક વર્ષો વિતીજએ તેના તેજ ભોગો ભોગવતા છતાં પણ તેની ઇચ્છા ભોગમાંથી નિવૃત્ત ન થાય તે મનુષ્યને પ્રાણાંતિક ભવ્ય રોગ જે તૃષ્ણા ઉત્પન્ન થાય છે તેનું કોણ નિવારણ કરે ?

જાકા ગુરૂ હોય લોભીઆ, દયા નહિશિષ્ય માંહિ;
ઓ દોનોકું ભેજીએ, ઉજ્જડ ખાઇ કે માંહિ.

**મહાત્મા કબીરજી !** જેવા **સત્ય** કથનમાં **નિડર** પણે કહેનારા પુરૂષોતો વિરલાજ **હશે ?** ધન **લોભિ** માન ચાહના ભૂખ્યા ગુરૂ ઓ હોય તેહના શિષ્ય ગમાર દયાહિન સ્વાર્થી અને તેમાં આશ્ચર્ય શું ? ગુરૂ લોભી હોય તો સમાન પ્રકૃતિઓ એક બીજા-ઓને અસર કર્યા વગર રહેજ નહિ.

કર્મ ! તારી કળા ન્યારી હજારો ને નચાવે છે;
ચઢે જે ચક્કરે તારા ઘણું તેને ભમાવે છે
બનાવે યોગીને ભોગી કરે ધનિક ને રોગી;
ઘડીમાં તું રડાવે છે પલકમાં હા ! હસાવે છે

**જે થકી બ્રહ્માંડની !** ઉત્પત્તિ થાય છે, જેમાં પાછું લય થાય છે, જળ, તેજ, આકાશ, પૃથ્વી, અને વાયુ જેના વિકાર છે, જે થકી કાંઇ પણ ઉતમ નથી એવા પરમાનંદ આત્મ તત્વનો સાક્ષાતકાર કયા પુરૂષને નથી ગમતો ?

ગણાતા ! વર્ષની માળા સમયને પારણે ઝુલે;
જગત કંપાવનારાતે ચઢે સહુ કાળને ચૂલે.
સુખીકર અન્યને ભાઇ સમય આ શીદને ભૂલે;
લખાતા ચોપડે તે સહુ કપાતા કાળની શૂળે.

**હે મન !** તું **પૃથ્વી** પર વારંવાર ભટકતાં ઘણાં વખત દ્રાક્ષનો સ્વાદ લીધો છે ! **સ્વાદિષ્ટ પકવાનો** જમ્યો છે ! સ્વર્ગમાં

ગયા પછી અમૃતનો સ્વાદ પણ લીધો છે! અને અનેક આસરાઓ મળી ગયા છે પરંતુ ખરૂં કહો કે તેને કોઇ પણ સ્વાદિષ્ટ ભવમાં સદ્વર્તનની આત્મતત્વના અમૃતનો ઓડકાર આવ્યો છે ?

ફુલો બહુ વિશ્વવાડીનાં ઉગ્યાં જન જ્ઞાતિ ડાળીમાં,
સુધારી સાથ સંગાથે તજો કંઇ ભેદ ચેતનના;
પુરાણાં શાસ્ત્ર કે તંત્રો વિવિધ વેદાન્તના મંત્રો,
શિખાવી ઐક્યનાં સૂત્રો અભય આનંદમાં રહીએ.

અરેરે! મારૂં કોણ છે? મારૂં શું થશે? આવી કલ્પના ધૈર્યવાન જ્ઞાની પુરુષોને હોતી નથી! જો કે સત્ય આપણા પિતા છે, જ્ઞાન માતા છે, ધર્મ ખરો બંધુ છે, દયા મિત્ર છે, અને શાંતિ સ્ત્રી છે અને શ્રી હરિ વિશ્વનું પાલન કરનાર શ્રી કૃષ્ણ સહિત પાંચ પાંડવો જેવા આપણી સંગાથે હોવાથી ભય તે શાનો હશે!

અજબ એ સત્યનો પ્યાલો સર્વને પ્રાણ પ્યારો છે;
અમર પદ પ્રાપ્ત કરનારો બધાનો એ ઉતારો છે.
કલ્પતરૂ કામધેનુ કે કહે ચિંતામણી કોઇ;
સકળમાં શ્રેષ્ઠ ચેતન એ પ્રભુમય સત્ય પ્યારો છે.

ભાગવતમાં લખ્યું છે કે નિઃસહાય પવિત્ર રંતિદેવ રાજા બહુ તૃષ્ણાને લીધે મરણ પામવા જેવા થઇ ગયા હતા! ત્યાં ઉદાર રાજાએ પોતાનું જલ એક અસ્પર્શ્ય ગણાતા મનુષ્યને

આપતાં બોલ્યા કે હું **ઇશ્વર** પાસે **અષ્ટ સિદ્ધિ** અથવા **મોક્ષ ચહાતો** નથી ! પણ **ભગવત્** પાસે મારી એજ **પ્રાથના છે** કે સર્વ **પ્રાણીઓનું** દુઃખ હું ભોગવું. તેઓ કદિપણ દુઃખ ન પામે. અહા ! હા ! **પર દુઃખનો** નાશ કરવા એક રાજા **ઇશ્વર** પાસે કેવી **પ્રાર્થના** કરે છે. તે સાંભળો !

જીગરથી ! ચાહનારાને જીગર સાથે જડી દેશું;
કદર જે સત્યની કરશે પગે તેને પડી રહી શું.
નથી શિખ્યા અમે શાસ્ત્રો ગુરૂની ભીષ્ટ સેવામાં;
ગણે જે ઐકયતા ! સહુની સદાએ ઐકય થઇ રહેશું.

**મહાઋષિ કપિલમુનીએ** કહ્યું છે કે:- **ધર્મ** ભેદને લીધેજ પશુત્વમાં અને **મનુષત્વમાં** ભેદ છે. જેના વડે **અભ્યુદય** અને વિશેષ **કલ્યાણ** સાધી શકાય તેનું નામ **ધર્મ**. **यतोभ्युदय-निश्रेयस सिद्धि सधर्मः ।** આધ્યાત્મિક ! આધિ દૈવિક ! આધિ ભૌક્તિક ! અથવા **માનસિક** ! અને પ્રાકૃતિક ભેદને લીધે **अथ त्रिविध दुःख स्यात्यन्त निवृत्तिस्यन्त पुरुषार्थः** જેના વડે એ ત્રણ પ્રકારના દુઃખની **નિવૃત્તિ ચિરંકાળ અવસાન** થાય તેનું સાધન કરવા મોટજ મનુષ્યનો **જન્મ છે.** દેહ લઇને **આનંદ** માણે છે, જીવ આત્મા **સદકૃત્યથી** સદા **આનંદમાં** રહે છે.

જલચર ! ભૂચર ! પ્રાણીઓ ! ખેચર ! પક્ષી સમાજ;
વનલીલા લીલી અને સુકા જડના રાજ.
જાગૃત ! સ્વપ્ન ! શુશુપ્તિમાં ! તુર્યા ! રેડે તાન;
મમતા માગે મરણ ત્યાં થયાં સ્વપ્નાં ભાન.

હા ! આ ! તેજ ભૂમિ છે કે જ્યાં સાક્ષાત ભગવાન કૃષ્ણ ચંદ્રના દૂતત્વ કરવાપર વિરોત્તમ દુર્યોધને કહ્યું હતું કે **शूच्यग्रं नैव दास्यामि विना युद्धेन केशव ।** અહા ! હું, તેજ ભૂમિને સ્મશાન ઉજ્જડ મેદાન સમાન જોઉં છું ! અને અનેકો અનેક રત્નોની જન્મ દાત્રી અસહ્ય ભાર ઉપાડી ધૈન્ય ધારણ કરી બેઠેલી ધરામાતા આ તારી કેવી દશા ! ઓ હો ! અહરનીશ યોગ્યતા. સભ્યતા, સત્યતા, ઉદારતા, જ્ઞાનમતિ. સહુ કયાં અદૃષ્ય થઇ ગયાં !

અમારી જ્ઞાતિના વિર પુરાણા હિંદના હીરા
સફળતા ઐકય ચુકો છો ઉદયનો માર્ગ મૂકો છો.
ટકાવી ધર્મના પગને ભરી સદ્દકૃત્યથી રગને;
રમો કંઇ મોક્ષના જ્ઞાને પ્રભૂના માર્ગની વાટે.

રાજા જનકે પૂછ્યું કે હે ! ભગવાન ! પ્રકૃતિ અને પુરૂષ, ચેતન અને જડ, ધર્મ અને અધર્મ એ સર્વનો સદૈવ નિકટ સંબંધ ગુંથાએલો જણાય છે, તેનું શું કારણ ? ઋષિ વસિષ્ટજીએ

કહ્યું કે હે રાજન ! તમોએ **વેદ** અને **શાસ્ત્રને** ધારણ કર્યાં છે, પણ તે મહાન **તત્વને** જાણ્યું નથી, જે પુરૂષ **શાસ્ત્ર** ભણી તેના **અમુલ્ય તત્વને** જાણતો નથી, તે પુરૂષ મીથ્યા શાસ્ત્રના ભારને વહન કરે છે. માટે હે ગાંધર્વ શ્રેષ્ટ ! **પ્રકૃતિ** અને પુરૂષમાં નિવાસ કરી **અભિમાન રહિત** "**આત્મવત્** સર્વ **ભૂતેષુ**" **બ્રહ્મથી અભેદ** જાણતો નથી તે પુરૂષ **અવિનાશી** એવા મહાન **તત્વમાં મોક્ષ** રૂપ બની **આનંદ** પામે છે.

આ લોકમાં મત લોકના કદિ એક તો મળતા નથી;
નીતિ મહીં સહુના વિચારો છેક તો ભળતા નથી.
પણ જ્ઞાતિ હિત માટે તમારાં હૃદય એક બનાવજો;
છે ઐક્ય તાથી ઉદય સહુનો તે લક્ષ્યમાંહી લાવજો.

હે ! રાજન ! જે સભામાં **વૃદ્ધ**, ને **વિદ્વાન** પુરૂષો જણાતા ન હોય, જે ઘરોમાં **વિદ્વાન** પુરૂષોના **પગની** ધૂળ ચળકતી ન જણાય, જે ઘરોમાં **વેદ શાસ્ત્રોના ધ્વનીની** ગર્જના થતી નથી, જે ઘરમ **અતિથિનો આસના, જળ**, અને **અમૂલ્ય વાણીથી સત્કાર** ન થયો હોય, તેવાં **ગૃહ** નહિ પણ અરણ્ય **સમાન** કહેવાય છે.

ભર્યું છે ન્યાયનું અમૃત પ્રભૂના સત્ય કુંભોમાં;
કર્યા છે ધર્મના ધારા નથી કાંઇ ન્યાયની સીમા.

ચણીછે ભીંત ધારાથી નીતિમય સત્યને સાંધી;
પડે દરિયાવમાં બિંદુ બને છે છીપમાં મોતી.

શ્રીમદ્ શંકરાચાર્યે કહ્યું છે જે દૃઢ બુદ્ધિવાળા સદ્પુરૂષોને સઘળું જગત નિરંતર આત્મરૂપે જણાય છે. તે ગમેતો બ્રાહ્મણ હો અથવા ગમેતો ચાંડાલ હો! પરંતુ તે નમસ્કાર કરવા યોગ્ય છે. તે કેવળ નમસ્કાર કરવા યોગ્ય છે એટલુંજ નહિં, પરંતુ એવા રૂડા જ્ઞાન વાળો પુરૂષ સાક્ષાત મારો ગુરૂ છે.

શું થયું ? તપ અને તિર્થ કીધા થકી,
શું થયું ? માળ ગ્રહી નામ લીધે;
શું થયું ? તીલક અને ખટ પૂજા થકી,
શું થયું ? ગંગ જળ પાન કીધે.
એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા,
આત્માવત્ પરબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્વ દર્શન વિના.
રત્ન ચિંતામણી જન્મ ખોયો.

અહા ! સત્પુરૂષો તેજ છે કે જે પોતાનો સ્વાર્થ છોડી પરોપકાર વૃત્તિથી આચરણ કરી બતાવે, તેને સ્વર્ગ દૂર નથી! પરોપકારી પુરૂષો મેઘ જેવા છે ! કે જે પોતે કાળો બિહામણો છતાં વગર માગે પાણી આપે છે. વૃક્ષો જે જડ પદાર્થ છે તે પ્રાર્થના વિનાજ શ્રમીત પથીકોને પોતાની શીતળ છાયામાં

વિશ્રામ આપે છે તેવીજ રીતે ઉદ્દાર વૃત્તિવાળા સત્પુરૂષો કોઇના પણ કહ્યા વિના પારકાના કલ્યાણ માટે આનંદ ઉત્સાહથી પ્રયત્ન કરવા દોડે છે. ખરેખર તેમનું જીવન પરોપકારી કાર્યના તેજથી ધ્રુવનાઃ જેવું અચળ ઝળકી રહે છે.

પરહિત કાર્યે સહુ પરવરો પરહિત સ્વર્ગનું દ્વાર છે.
પરહિત કાર્ય કરનાર નર સૌથી પૂજ્ય ગણાય છે
ભોજ, વિક્રમ, પાંડવો, પરહિત નરો જે થઇ ગયા
યાદ કરો સહુ તેહને જે પરહિત કાર્યે અચળ રહ્યા.

જ્યાં સુધી દેહમાં જીવ છે ત્યાં સુધીજ સર્વ કુશળ પુછે છે. પણ જ્યારે પ્રાણ ગયા પછી દેહ નિશ્ચેષ્ટ થાય ત્યારે તે શરીરથી પોતાની સ્ત્રી પુત્રાદિકને પણ ભય લાગે છે મનુષ્યનુ મરણ એજ છેવટનું શરણ છે. ધન માલ સ્ત્રી પુત્રાદી સર્વ જ્યાનું ત્યાં પડી રહે છે. બાંધી મુઠીએ આવ્યા અને ખાલીહાથ જવાનું હોય છે.

નિહાળી સૃષ્ટિને આખી ભરેલા સ્વાર્થના ભૂતોઃ
સધાયે સ્વાર્થતો સારો નહિતો મારશે જુતો
પિતા માતા અને પુત્રો સકળ છે સ્વાર્થના જ્યોતી
પ્રિયા પણ પાસ બેસીને રૂદનએ સ્વાર્થનાં રોતિ.

વાંચનાર! ભડકશે કે સંશોધક પ્રકાશકે આમાંથી કેટલું મેળવ્યું! ખરેખર પ્રિય બંધુ કેરડાના ઝાડને પાંદડાં ન થાય

તેમાં **વસંત** ઋતુનો દોષ શો ? ઘુવડ પક્ષી દિવસે ન દેખી શકે તેમાં સુર્યનો દોષ શો ? અને પપૈયાના મુખમાં મેઘનું જળ ન પડે તેમાં વર્ષા ઋતુનો દોષ શો. ?

**વિસારી ફર્જમેં તહારી પ્રભૂજી આજ જાગું છું;**
**સૂતો હુંતો ઘણા દિવસો હવે એ ઉંઘ ત્યાગું છું.**
**ભરો કંઈ આત્મ તંત્રને રચી કર્તવ્ય મંત્રોને;**
**ઐક્યતા પ્રેમ યંત્રોને સજાવો એજ માગું છું.**
**ભલો ? બૂરો ? અધુરો શિશુને આશરો દેવા;**
**ભરીને આંખમાં આંસુ પ્રભૂજી પાય લાગું છું,**

**પતિ** એજ **સ્ત્રીનું** જીવન છે ! **દેવ, ગુરૂ, તિર્થ, ધર્મ, વૃત** જે કહીએ તે પતિજ છે. **સદ્ગુણી સ્ત્રી** સંસારમાં **સ્વગ સમાન** છે ? સતી સ્ત્રી ગમે તો વલ્કલ **વસ્ત્ર** પહેરે અને બહુ રૂપવતિ ન હોય તો પણ પોતાના **પતિવૃત તેજથી** શોભે છે સતી સ્ત્રી **સૂર્યના** સમાન યશ, **ચંદ્રના** સમ પથ્વીપર અહર્નિશ પ્રકાશમાન **સ્થિતિમાં** દેખાય છે.

**પતિ પરમેશ્વરનું રટણ જો શુદ્ધ મનથી થાય;**
**જન્મ મરણ ફેરો ટળે, પાપ અમાપ કપાય.**
**સ્વામિ સતીનું તાજ છે. સ્વામિ સતીના પ્રાણ;**
**દેવ પીયુ દૈવત પીયુ ને પીયુથી થાય કલ્યાણ.**

**ભરત ખંડની** ભવ્યતાના નમુના રૂપ સતી સાવિત્રીના સતી ધર્મથી કયો મનુષ્ય **અજાણ્યો** હશે ? જ્યારે પોતાના **પતિનું** મૃત્યુ સમીપ આવ્યું ત્યારે **પિતા અશ્વપતિએ** કહ્યું કે **પુત્રી સાવિત્રી** ત્હારા **પતિ સત્યવાનનું આયુષ્ય** માત્ર એકજ વર્ષ રહ્યું છે. માટે એના આ દોષ સર્વ ગુણો ઢાંકી દે છે તેનો વિચાર કરી તું બીજા કોઇ વરને વર **नारीणां भूषण पतिः** પતિ વગરની **સ્ત્રીનું જીવન** વૃથા છે ? આવાં પિતાનાં **વચન** સાંભળી સતી સાવિત્રીએ કહ્યું કેઃ—

> પતિ સતીના પ્રાણછે પતિ સતીનું તેજ;
> પતિ સતીનું સ્વર્ગછે તપ, તિર્થ, વૃત તેજ;

**હે પિતાજી** ! પિતાના ! **ધનની** વહેંચણી એકજ વાર થાય છે. જગતનો પાલક પિતા પણ એકજ હોય છે. **કન્યાદાન** પણ **એકજવાર** થાય છે. અને હું આપું છું એમ કહીને **દાન** પણ એકજ વાર દેવાય છે તો પછી **દીર્ઘાયુ** હો કે **અલ્પાયુ** હો. **નિધન** હો કે **ધનવાન** હો પણ હું તો એકજવાર વરી તેનેજ **વરી છું**. આહા કેવું **પતિ** હિત ! **સતિત્વ** કે યમના હાથમાં સપડાયલા **મૃત્ય** પતિનું સહસ્ત્ર વર્ષનું પૂર્ણ **જીવન** મેળવનાર પતિવૃતા સાવિત્રી ? **ખરેખર** એનુંજ નામ **ભાર્યા** ? એનુંજ નામ **અર્ધાંગના** ? એનુંજ નામ **ગૃહિણી.**

**સબરી**, ચૂંદાલા, દ્રૌપદી, ને શુદ્ધ **સાવિત્રી** સતી;
જેણે પતિને યમકનેથી મૂક્ત કરાવ્યો છે સતી.
શુભ સત્યવાદી રાય **પત્ની** જેહ છે **તારામતી**,
એ **આર્યભૂમી** ઉપરે આજે થજો **એવો સતી**.

હે ક્રુર ભૂષણ? ત્યાગ કરવા લાયક કૃત્યમાં **આસક્ત** રહેનાર દાંભિક, પાપી, **ઈશ્વર ભક્તિ** શૂન્ય, મદ મસ્ત, સ્વાર્થી ક્રુરગુણવાળો **મનુષ્ય વિદ્વાન** હોય તો પણ તેનો ત્યાગ કરવોજ જોઇએ.

શ્રૃતિ સાર સીંચી સ્મૃતિ એ શાસ્ત્ર સહુને શિખવો;
આ અખીલ વિશ્વ દેહમાં. ગતિ સુકાન સુધારવો.
જડતા તીમીર ભેદને તજી રસ **તેજને** જગાવજો;
**ધર્મ નીતિ** ન્યાયનું જીવન જ્યોતિ સુધારજો.

જે નિર્ધન, સદ્‌વર્તની, નિઃસ્વાર્થ, શાસ્ત્ર સ્મૃતિમાં હંમેશ **પ્રેમ** રાખતો હોય ભૂત**માત્રમાં** જે **બ્રહ્મનું** દર્શન કરતો હોય, જગત્‌માં જીવ માત્ર ઉપર જેને **પ્રેમ** હોય. **ન્યાય** પરાયણ જેનું અંગ ભૂષણ છે તેજ **ઉત્તમ** વિદ્વાન પૂજ્ય ગણાય છે. એવા મનુષ્યોના **ચરણ** ધોઇ તે જળનું પાન કરવાથી **જીવ** કૃતાર્થ થાય છે.

**નીતિ ન્યાય ને સવ કહે કથીર;**
**પણ વસ્તુતામાં કર્તવ્ય નથી.**

પીંડ પખાળે સ્વાર્થે લોક;
સોદો ન થયો તે મનખો ફોક.
ખરાબ થયો જીવ સ્વાર્થે કરી;
ધર્મ તજીને ખોયો હરિ.
અખા સ્વાર્થે પરમેશ્વર તથી:
ભ્રમે કોઈ ન મરશો મથી.

લોભ ! એ ઘાસથી ઢંકાયલો ભયંકર **કુપછે.** એ કુવા ઉપર ઉગેલા તૃણને જોઇને લોભી લોકો **જમીન** સમજી ઢંકાયલા તૃણ-અચ્છદિત ઉપર ચાલવા જાય છે તેવા **લોભમાં** ઘેરાયલાં મનુષ્ય **જગતનુ** અ **કલ્યાણ** સાધી પોતાને પણ અસીમ અનર્થના કુપમાં નાખી દે છે.

પાપોત્પાદક **લોભછે** અધર્મ કરાવે **લોભ;**
**લોભ** પાપનુ મૂળછે લોભ **કરાવે** ક્ષોભ.

બંધુઓ ! દરેક શાસ્ત્રો તપાસતાં જણાઇ આવે છે કે **ક્રોધ, મોહ, અભિમાન, સ્વાર્થ, પરાધિનતા, નિર્લજતા, ધર્મ હાની કુચિંતા** આ એક માત્ર **લોભને** વશ થતાં વૈરાટ મૂર્તિ ધારણ કરી મનુષ્યને ગ્રાસતાં રહે છે. આ **પ્રવૃત્તિઓના જન્મદાતા** ફક્ત **લોભજ** છે. શરીર **જીણ** થાય છતાં **લોભ** જીર્ણ ન થાય હરે ? હરે ? આવા અઘોર કલેશ યત્નમય પાપોત્પાદક **લોભનો** નાસ કરવા ઉપાય નથી શું ?

**પીપા પાપન કીજીએ તો પુણ્ય કીયો સો વાર.**
**કાહુકો અધર્મ વર્તીએ કે ધર્મ ધરે નિરધાર.**

**દેવતાઓ** પણ **બ્રાહ્મણોને** પોતાથી **ઉત્તમ** માને છે. તેનું કારણ શું ? પૂર્વ કાળના **બ્રાહ્મણો** બ્રહ્મ ગણાતા હતા. તેઓ **યજમાનોના** **હિત** માટે પોતાના **પ્રાણ** પણ આપવા ચૂકતા નહિ વત્રાસુરનો વધ કરવા **ઇન્દ્રે** **દધિચિ રૂષિને** કહ્યું હતું કે **પ્રભો** ! તમારા **અસ્થિનું વજ્ર** બનાવાશે ત્યારેજ **વત્રાસુરનો વધ** કરી શકાશે. તમારો **દેહ અર્પણ** કરી, અમારાપર **ઉપકાર** કરો તોજ દેવતાઓનું **રક્ષણ** થશે ! આહા ! **દેવતાઓનું હિત** ઇચ્છનાર **દધીચી રૂષીએ** પ્રફુલ્લિત ચિત્તે પોતાના **દેહનો** **ત્યાગ** કર્યો હતો.

પરહિત કાર્યે પૂર પુરોહિત પ્રાણને જે આપતા,
દયા તણા દરીયાવ સત્ય સદા ભણાવતા.
લોભ તણું નહિ નામ કલ્યાણય જમાનોનું પેખતા,
સ્વર્ગ તણા જે માર્ગ સાચો સહુને તે બતાવતા.

**વિશ્વામિત્રે** ! બ્રહ્મ થવા માટે પુષ્કળ વર્ષ તપશ્ચર્યા કીધી છતાં બ્રહ્મ ન કહેતાં, વસિષ્ઠના સો પુત્રોનો નાશ કરાવ્યો હતો, એટલેથી તૃપ્ત નહિ થતાં **વસિષ્ઠનો** પ્રાણ સંહારવાના ઇરાદાથી એક યજ્ઞનું અનુષ્ઠાન કરી, **વસિષ્ઠને** પુરોહિત થવા આમંત્રણ કર્યું.

વસિષ્ઠે કબુલ કર્યું. અંતે તેમને કહ્યું કે તમારા મસ્તકની યજ્ઞમાં આહુતિ આપો. વસિષ્ઠજી પ્રફુલ્લીત હૃદયે અગ્ની કુંડના **યજ્ઞમાં** મસ્તકની **આહુતિ** આપવા જાય છે, તેવાજ **વિશ્વામિત્રે** ખિન્ન વદને કહ્યું કે આપ **બ્રહ્મરૂષિ** કહેવાવ છો, ને હું આટલા બધાં વર્ષ **તપશ્ચર્યા** કરવા છતાં કેમ **રાજર્ષિ**-ક્ષત્રી કહેવાઉં! તેનું કારણ આપના ઉદાર કૃત્યથી **આજે** હું **સમજી** શકયો છું. યજ્ઞ યાગ કરાવી યજમાનોનાં કલ્યાણ માટે મસ્તકની આહુતિ આપવી એજ તમારો સ્વધર્મ છે. **ખરેખર** આજે એવા **પવિત્ર** પુરોહિતો આપણા **અહો** ભાગ્યમાં ન હોવાથી **સંસાર** દુઃખરૂપ થાય તેમાં આશ્ચર્ય **શું** ?

**દુનિયા મહિં છે ના છુરી, જે કાચને કાપી શકે,**
**પણ કાચની હીરા કણી, પોતા તણું પોતે હણે.**
**વ્યાપ્યો લોભથી અંધકાર, ગોળખાંડથીના ઉતરે,**
**મદ મોહ ને મમતા થકી, પોતા તણું પોતે હણે.**

**પૌત્ર બળીએ** પિતામહ **પ્રહલાદને** પુછ્યું કે **પરમાત્માની** આરાધના અને તે કેવી રીતે જાણી શકય તે કહો. **પ્રહલાદે** આવા **ઉત્તમ** પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું **હે** અહોભાગ્ય **પૌત્ર બલી** ! પ્રાણી માત્રમાં **સમદૃષ્ટિ** રાખવી એજ ખરી **પરમેશ્વરની** આરાધના છે. **સ્થાવર જંગમમાં** અધર્મ વિનાશ પામશે, તું, હું અને આ દૃશ્ય વિનાશ પામશે પરંતુ **સદ્વર્તન, સદવક્તા, પરાભક્તિ**

પરમાત્માનો કદિ પણ વિનાશ થતો નથી. સર્વ ભૂતોમાં સદ્-જ્ઞાન એજ મ્હારો યજ્ઞ છે. **स्वधर्मे निधनं** નું જ્ઞાન જે મને મળ્યું છે તે મ્હારૂં સ્વર્ગ છે. **स्वधर्म सत्य गुणे स्वात्मभूतेषु** એનું આચરણ કરવું એનુંજ નામ હું મોક્ષ માનું છું. ગુરૂ શુક્રાચાર્યે કહ્યું જે મનુષ્યોની પ્રત્યેક ઇચ્છા ફળીભૂત થાય તેના કરતાં જે મનુષ્યને નિસ્વાર્થ પરઆત્મા ઇશ્વરનો અનુભવ થયો હોય તો તે **જીવ** નહિ પણ **શીવ** સમજવો.

સનાતન ! ધર્મનો ઝુંડો સર્વને પ્રાણ પ્યારો છે;
ચરાચર વિશ્વલીલામાં બધે તેનો પ્રસારો છે.
ગગન, પાતાળ, જળ, સ્થળ, અણું, પરમાણું, રજકણમાં,
વસ્યો છે સૂર્ય શશીમાં છતાં એ સૌથી ન્યારો છે.

આપણા ધર્મ શાસ્ત્રના અનેક પૃષ્ઠપર તપાસતાં જણાય, કે કે ન્યાય નીતિ અને સત્કૃત્ય ધર્મનું મહાન વર્ણન કર્યું છે. એટલુંજ નહિ પણ સર્વની વૃદ્ધિ થઇ તૃપ્તિ રહેવાને માટે નીતિયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, અને અતિથીયજ્ઞ એવા પાંચ ધર્મના પવિત્ર સ્થંભ કહેલા છે જેકે પૂર્વકાળે અનેક રત્નની જન્મદાત્રી આજ ભૂમિપર એ યજ્ઞ યથાવિધિ સર્વ લોક કર્તા હતા. એવા ઉત્તમ પ્રકારના ધર્મયજ્ઞ ધારા ન્યાય નિયમનું બંધારણ કરનાર મનુ ભગવાન શું મૂર્ખ હતો ? નહિંજ પણ હાલમાં એવા

પવિત્ર યજ્ઞોને તિલાંજલી આપી નાના પ્રકારના કપટ કુચાલ કુસંપ અને ધર્મહાનિ કરવાના ઉદ્ધત માર્ગ ખૂલી ગયા કે નહિ ? એ વાતને કયો મનુષ્ય ના કહી શકે તેમ છે ?

કર્યુના જ્ઞાતિનુ સારૂં જગતમાં મેં કર્યું તે શું ?
ભરીને પેટ નિજમારૂં મરી જીવ્યો કહિતો શું.
વિષયના સ્વાર્થનો કીડો એકેલો મોજને માણી,
ધરીને જન્મ અવાતિમાં જીવિને મેં કર્યું તે શું. ?

લોકો કહે છે કે ધર્મ અધર્મ તે વળી શું ? ફરી જન્મતે શાનો ! અને બંધન તે શું ? नैनंछिन्दन्ति शस्त्राणि. આત્માને ચોરાશીના ફેરામાં પડવાનું કારણ શું ? આહા એવી શંકાઓ અર્થ સાધક स्वर्थांध થયા વગર રહેજ નહિ मनएव मनुष्याणां कारणं वंध मोक्षयोः ચિત્તવૃત્તિનો સ્વાર્થ ત્યાગ. યોગ સિદ્ધ થાય છે ત્યારે આત્મા કેવળ સિદ્ધ થાય છે. ત્યારેજ આત્મા કેવળ ચિન્માત્ર સ્વરૂપે રહે છે. અને એથી વિરૂદ્ધ જે મનો વૃત્તિઓનું જુદા જુદા વિષયોમાં ભટકવા દઇ ગમે તેવી રીતે વર્તન કરવું એજ બંધન, એજ અધર્મ, એજ ચોરાશી અને દુખાદિ જન્મની પ્રાપ્તિ એમ આપણને સમજાવી સમજાવી પોકાર કરી શાસ્ત્રકારો ઉપદેશે છે.

**પરમ તત્વને ભૂલો નહિ ડુલો નહિ જગજાળમાં,**
**સાક્ષી રૂપે જોવું બધું ભૂલી જવું નહિ સ્વાર્થમાં.**
**અહિં ફાવશું કે દાવમાં પણ ત્યાં કદી ન માફ છે,**
**આ આવનીમાં સત્કૃત્ય આખરજતાં રહેનાર છે.**

**ઉશિતરના** પુત્ર **રાજા શિબિ !** સભા ભરીને પોતાના **ભવ્ય** મંડપમાં બેઠા હતા, ત્યાં આગળ ગરણુ તોલ **ન્યાય** યાચક **કપોત** પક્ષિ ઉડતું ઉડતું આવિ રાજાના ખોળામાં પડયું. રાજા તેને પંપાળી આગતા સ્વાગતા કરે છે, એટલામાં કપોતનો સંહારક **બાજ** પક્ષી મંડપમાં ધસી આવ્યો. ત્યારે **કપોત** મનુષ્ય વાણીથી બોલ્યું, કે **હે રાજા !** હું તારા રાજ્યમાં વસું છું, મારા ઇન્**સાફને** માટે તાહરા ઉપર માહરો હક છે ! **અધર્મથી** પિડાયલો હું તારે શરણ આવ્યો છું. એટલામાં **બાજ** પણ મનુષ્ય વાણીથી બોલ્યો કે હું પણ તમારા રાજ્યમાં રહું છું, અને આ **કપોતને ઇશ્વરે** મારો ભક્ષ નિર્માણ કર્યો છે. માટે તું તે મને નહિ આપે તો તેં મારો **ન્યાય** આપ્યો કહેવાશે નહિ. **રાજાએ** કહ્યું **નિર્દોષ** જીવનું રક્ષણ કરવું એજ **મ્હારો ધર્મ** છે તાહરો. નિર્માણ કરેલો ભક્ષ તને લેવા દેવો એ પણ **માહરો** રાજ્યાધિકાર છે. **ધનવાન** કે **નિર્ધન કપોત**કે **બાજ**નો પક્ષ કરવામાટે નથી. પરંતુ માહરી **પ્રજાને ધર્મનું** સાક્ષાત **સ્વરૂપ** થઇને હું રહુ તેને માટે છે. જોકે મારો **અધિકાર** હું ભૂલી જાઉં તો **મારી** પ્રજા પણ પોતાનો **ધર્મ** ચૂકે, માટે હે **બાજ તું** તૃપ્ત થાય

તેટલા આ વિના બીજું ભક્ષ માંગીશે. **બાજ** બોલ્યો તાહરી એજ ઇચ્છા છે તો કપોતની ભારોભાર માંસ તાહરૂં આપ રાજાએ ત્રાજવું મંગાવી કપોતને એક પલ્લામાં મુકયું અને બિજા પલ્લામાં પોતાનું **માંસ** કાપી કાપી મૂકતો ગયો, છતાં કપોત બરાબર થયું નહિ. છેવટે **રાજા** પોતે બેઠો ત્યારે એક **આશ્ચર્ય** બન્યુ, **કપોત** અને **બાજ** બન્ને અદ્દશ્ય થઈ ગયા, અને તે સ્થાને ઇંદ્ર અને **અગ્નિ** આવિને ઊભા રહયા. તેઓ **શિબિ** પ્રત્યે બોલ્યા કે **હે રાજા ! તું ખરેખર** અધિકારને લાયક છે. અને સર્વને સત્ય **ઇન્સાફ** આપવો એ તાહરો **ધર્મ** છે, **અધિકાર**ને તું સારી પેઠે સમજે છે, માટે તારી **પ્રજા** સુખી થઇ તું **દીર્ઘાયુષ** ભોગવી **મોક્ષ** પામો. આવો આશિર્વાદ **આપી દેવો** અંતરધ્યાન થઈ ગયા. **અહોભાગ્ય આવા** મંડપને.! **અહો** ભાગ આવી **સભા**ને ! **અહો** ભાગ આવા **અધિકાર**ને ! કે એક **ન્યાયી રાજા** પ્રજાના હિતને ખાતર પોતાનો **પ્રાણ** આપવા તૈયાર થાય !

**મહા મહેનતે આ અભિભવ મનુષ્યજન્મ મેળવ્યો,**
**ગર્ભમાં રક્ષણ કીધું હરિ, બહાર જનુનીએ જાળવ્યો.**
**રે ! રે ! તે શું અધર્મે વર્તિ નર્ક કુંડો પામવા,**
**ના ! ના ! ભજીને સત્ય ભાવે દુ:ખ સર્વે વામવા.**

એક સમયે **દેવોનો** અધિકારી **રાજા ઇંદ્ર** લાંબા સમયની **તપશ્ચર્યા** કરવા ગયો હતો, તેનો અધિકાર ખાલી પડવાથી **સ્વર્ગ-**

**વાસી**ઓને દુઃખ ન પડે તે માટે **દેવો** એ પૃથ્વી ઉપર રાજ્ય કર્તા ચંદ્રવંશી **રાજા નહુશને** સ્વર્ગનુ ઉચ્ચ રાજ્યપદ સોપ્યું. હવે **નહુશે** સ્વર્ગનુ રાજ્ય ચલાવવા માંડયુ, તેથી ઇંદ્રના કરતાં અધિક બળથી દિન પ્રતિદિન તેના હૃદયમાં અભિમાનની વૃદ્ધિ થતી ગઇ. તેના પાપી વિચારોના પરિણામે **દેવોને** કહ્યું કે **રાજા ઇંદ્રનો** ભાર હું ઉઠાવું છું. માટે તેના બીજા હકો પણ મારેજ ભોગવવા જોઇએ, તેથી ઇંદ્ર પત્નિ શચિને મારી પાસે લાવો આ સાંભળી દેવોએ પરસ્પર મહા ખેદમાં પડી જઇ વિચાર્યું કે સ્વર્ગના રાજ્ય માટે હવે **નહુશ** લાયક નથી.

**यत्रास्त्रियत्र कितयो । बालोयत्रानु शासिता ।**
**मज्जंतितेऽवधाराज । न्नधामश्य प्लवाईव ॥**

જે ગ્રહોમાં સ્ત્રિનું સામરાજ્ય-ચલણ હોય, જે સભામાં કપટ કળામાં કુશળ એવો સ્વાર્થાંધ કે મૂર્ખ બાળક એ ત્રણેનો હુકમ ચાલતો હોય ત્યાં હે રાજન જેમ સમુદ્રમાં પત્થરનું વાહન ડુબી જાય છે, તેમ તેના આધીન થયેલા સઘળા મનુષ્યો ડુબવા વગર રહેતા નથી. એઓના હુકમને તાબે રહેનાર કોઇ પણ મનુષ્યનું ત્રણે કાળમાં શ્રેય થનાર નથી.

**બહુ સુખીયાને બહુ દુઃખીયા કોઇને જશ કોઇને જુતા છે,**
**કોઈ ધનદાતા કોઇ જગભ્રાતા કોઇ લોભી કોઇ ધન ધૃતા છે.**

કોઈ અંતર પડદા બાંધીને મદમાયા મમતે સૂતા છે,
કોઈ પડદા સત્ય ચીરીને **નીતિ** ન્યાયથી જાગે છે.

હે દિવ્યધામ નિવાસી કશ્યપના **પુત્રો** ! જ્ઞાતિનું **જીવન** પંચ છે, પંચનું **જીવન નિસ્વાર્થ** પક્ષ રહિત **સત્ય ધર્મના** પ્રતિ પાલન ઇન્સાફ ઉપર છે, **મહાજન** અથવા **પંચ** એ શબ્દ કેટલો **નિસ્વાર્થ ગંભીર** છે ? **એ** સર્વ જનનું ગુપ્ત હૃદય છે. **વિશ્વ** વંદનીય **મનુ** કહે છે કે લોકો **ન્યાય ધર્મના અધિકાર** રહિત હોવાથી વરૂઓની માફક વિખરાયલા ભટકતા જોઇને તે સર્વના કલ્યાણ અર્થે **પરમેશ્વરે બ્રહ્મ** તેજમાંથી **અમૃત** અંશ **ન્યાય રૂપ** પોતાના **પુત્ર ધર્મને અધિકાર** સોંપ્યો. એ અધિકાર નિસ્વાર્થ **નિષ્પક્ષ ધર્મનો** ભારે **અગ્નિ છે.** તેને ધારણ કરનાર જેઓ **આત્મ નિગ્રહ** કામના રહિત પરબ્રહ્મનું પારમાર્થિક સ્વરૂપ જાણી, કર્મના ફળની ઇચ્છા વિના, જે **મનુષ્ય નિ:સ્વાર્થ** પોતાની **ફરજ** સમજી, પ્રાણીમાત્રના કલ્યાણ હિતમાટે અહર્નિશ **કર્તવ્ય કર્મ** કરે છે, તેઓ ઉત્તમ અધિકારને પ્રાપ્ત કરી પૃથ્વી ઉપર **ચિરણકાળ** આ લોકમાં પૂજાઇ પરલોકના–**સ્વર્ગના** અક્ષય ધામમાં જાય છે. આવું **શ્રી કૃષ્ણ** પ્રભૂએ પોતાના મુખથી વારંવાર આખી **ગીતાના મહાન તત્વરૂપે** વર્ણવ્યું છે.

**પ્રીય બંધુઓ ! કંઇ ચેતજો, સત્ય ન્યાયની કોટી કરી;**
**સજી સંપ ! હૃદયમાં સ્નેહથી, મોટીંગો મોટી ભરી.**
**જ્ઞાતિ શુભેચ્છક સર્વકો, ભ્રાતૃ ભાવ પ્રસરાવજો;**
**સદ્‌કૃત્યમાં નિડર બની, ભાવસાર જ્ઞાતિ દિપાવજો.**

**વાંચનાર પ્રશ્ન** કરશે કે રંક અને **સામાન્ય** લોકોને મહાન **પુરૂષોના ચારિત્ર્યનું** શું કામ છે ? પ્રીયબંધુ મહાન પુરૂષોનો આધાર આજના ખોટા **આડંબરો** ઉપર હોતો નથી, તેતો ગમે તેવી **સ્થિતિ**એ હોય પણ તેનું **આદર્શ જીવન સુકૃત્ય** જીવીત ગણાય છે. તેઓનો **સ્વાત્મા હિતકર ચિંતન** કાર્યથી અંતર ગત રહેલા **સ્વાર્થ ત્યાગ તારતમ્યનું** ખરૂં સ્વરૂપ છે. પારકાના **હિતનો** આધાર **દ્રવ્યપર** હોતો નથી. કોઇ **દ્રવ્યહિન** મનુષ્યથી પોતાનું **કલ્યાણ** બની શકે નહિં ? અને દ્રવ્યના વ્યવહાર વડેજ પોતાનું અને પારકાનું **જીવન સુધારી** શકે ? અહા ! તો **શાસ્ત્રકારોએ** પણ **નિષ્કંચન** તત્વનો **બોધ** આપવાને બદલે ગમે તેવી રીતે ગમે તેમ પુષ્કળ ધન ભેગું કરી **પર્માર્થ** કરવાનો **ઉપદેશ** આપ્યો હોત !

**નીતિ તણા મેવા તજી, જે નીચ વસ્તુ ખાય છે;**
**બુદ્ધિ અને સુખ દુઃખ જે, તેજ સમે બંધાય છે.**
**કૃત્ય જેવાં દેહથી, રૂડાંકે અધર્મ કરાય છે;**
**સદ્‌ભાગ્ય વિણ શુભ તત્વને, કયાંથી કહો તે ચહાયછે.**

**ધર્મવીર પાંડવોનો રાયસુ યજ્ઞ** પૂર્ણ થતાં અત્ર સુવર્ણ **નોળીઓ** મંડપમાં દાખલ થયો, **અને** જોયું તો **યજ્ઞ**નાં પાત્રો સુવર્ણનાં હતાં. ત્યાં જેને જેટલું રૂચે તેટલું ધન અને રત્ન લેતાં કોઇ પણ અટકાવતું નહોતું. આવું હોવા છતાં **નોળીઓ** બોલ્યો આ સમૃદ્ધિ વડે કરેલો **યજ્ઞ** એક નિર્ધન **ખેડુતના** ઘરમાં આવેલા **અતિથિને** થોડોક જવનો લોટ આપ્યો તે **યજ્ઞની** બરાબરી કરી શકે એમ નથી. તે સાંભળો એક **ગરીબ** ખેડુત, રોજ અનાજના કણવીણી લાવી તેની **સ્ત્રી, પુત્ર,** તથા **વહુ,** એ ચારે જણ દિવસમાં એકવાર જમી પોતાનો નિર્વાહ કરતાં હતાં. તેવામાં એક સમયે ભારે દુષ્કાળ પડ્યો. તેથી ખેતરોમાં પાક ઓછો થવાથી દેશની પાયમાલી જોઇ પોતાનાં સ્ત્રી પુત્રાદિ સર્વનું ભૂખથી શરીર સુકાતું ગયું. તે એટલે સુધીકે તેઓનું શરીર હાડપીંજર જેવું થઇ ગયું. તે જોઇ **ખેડુતે** આમતેમથી થોડા જવ વીણી લાવી તેનો લોટ કર્યો, પછી થોડું થોડું દરેકને ભાગે આવે તેવા ચાર ભાગ પાડી, આનંદથી ખાવા બેઠા. તેટલામાં એક **અતિથિ** બારણા આગળ આવ્યો; તેને પેલા ખેડુતે પાસે બોલાવી **પાણી** તથા બેસવાને **આસન** આપી પોતાના ભાગનો લોટ તેની આગળ મૂક્યો. **અતિથિએ** તે ખાધો પરંતુ તેની ક્ષુધા તૃપ્ત થઇ નહિ, તેથી ખેડુતની **સ્ત્રી** પોતાના ભાગનો લોટ પતિ પાસે લાવી—બોલી કે અતિથિને આપો. **ખેડુત** બોલ્યો હે **સ્ત્રી !** નબળાઇથી તારૂં શરીર ધ્રુજે છે, માટે તારો ભાગ તુંજ ખા નહિતો મારા ઘરનો **સૂર્ય** અસ્ત થશે. તે છતાં **સ્ત્રીએ**

ન માનતાં તે લોટ પતિએ **અતિથિને** આપ્યો આથી પણ તે તૃપ્ત થયો નહિ. **આ જોઇ** પુત્રે પોતાનો ભાગ પિતાની આગળ મૂકયો. પિતાએ પુત્રનું ક્ષુધાર્ત કૃશ થયેલું શરીર જોયું, છતાં ત્રીજો ભાગ **અતિથિને** આપ્યો, **પણ અફસોસ** ! આટલેથી તે **અતિથિ** ધરાયો નહિ, કેમકે **ભૂખ્યા** માણસને નાના નાના કોળીઆ પણ લેખામાં હોતા નથી. પુત્રની વહુએ પોતાનો ભાગ સસરાના ધ્રુજતા હાથ આગળ ધર્યો. **આ** જોઇ પેલા ભ્દુને ખીન્ન હૃદયથી કહ્યું, બાપુ ! ત્હારો ભાગ નહિ લઉં ? હું તારો ભાગ નહિ લઉં ? પુત્ર વધૂ નમન કરી બોલી, **સસરાજી** ! આપણા **સત્કાર્યમાં** ભાગ લેતાં મને અટકાવોમા. અતિથિ દેવ તુલ્ય છે, એમને મારો ભાગ આપી ભોજન કરાવો. આ જોઇ આંસુ પાડતાં તે ભાગ **અતિથિ** આગળ મૂકયો. તે ખાઇ ઉભો થયો, એટલે ઉજ્જવળ **પ્રકાશ** ઝળકી નીકળ્યો. તેની મધ્યમાં તેનું તેજસ્વી પ્રતાપવાન સ્વરૂપ શોભી રહ્યું. તે અતિથી સત્તાધારી, પવિત્ર, સાક્ષાત **ધર્મરાજ હતા.** સ્વર્ગનો સુગંધી પવન ચોતરફ પ્રસરી રહી ઝળહળાટ **પ્રકાશના** તેજસ્વી દિવ્ય વિમાનોમાં ચારે જણને દાખલ કર્યાં ! બોલો હવે આનાથી વિશેષ શાયસુચન કયો ?

**છળ કપટ ઉરથી નાગયું, જ્ઞાતા પણું શા કામનું ?**
**મદ મોહ ને આધીન રહ્યા, તો જ્ઞાન જાણો નામનું.**
**જ્ઞાની ખરા ! તે જાણવા જે સર્વનું હિત આદરે;**
**છે ધન્ય વારંવાર જો હિતજ્ઞાતિનું ચિત્તમાં ધરે.**

**ધૃતરાષ્ટ્રનો** સંદેહ દૂર કરતાં **શ્રીવ્યાસ** દેવે જણાવ્યું હતું, કે મનુષ્યના અવસાન કાળે જીવ, **આત્મા,** એક ગુહ્યાકૃત્તિએ દેહમાંથી નીકળ્યા પછી, જીવાત્મા, **લીંગ** દેહ, અથવા **સૂક્ષ્મ** દેહ, ધારણ કરી, હવામાં **ધુમા**કૃતિએ ત્રણે ૠતુઓમાં રહી કરેલા **કર્મ** નો **ઇશ્વરી** ન્યાય મંદિરમાં નિર્ણય આપે છે.

**તૃણ** જલુકા એટલે ઘાસ ઉપર નો એક લીલો કીડો ઘાસ ઉપરથી ચાલતાં **પ્રથમ** આગળના અંકુર ઉપરનો પગ દૃઢ કરીને પૂર્વના અંકુર ઉપરનો પગ કાઢી લે છે. તે **પ્રમાણે જીવ, સુક્ષ્મ** શરીર સાથે પોતાનો **સંબંધ** દૃઢ કરીને, પછી **સ્થુલ** શરીરનો સંબંધ છોડે છે.

મૃતિકા વગેરેનો સંયોગ થાય છે, ત્યારે તેમાંથી વિશાલ વૃક્ષ આવિર્ભૂત થાય છે. તેવીજ રીતે **સુક્ષ્મ** શરીરમાંના બીજથી પંચાગ્નિ સંસ્કાર વડે **ભાવિ** ( હવે પછીના ) **જન્મના** સ્થુલ દેહાદિનો આવિર્ભાવ થાય છે. પહેલો સ્થુલ દેહ છોડી નવો સ્થુલ દેહ મળતાં સુધી, અગ્નિમાં નાંખેલી આહુતિ પ્રમાણે વચમાં તેનીજ અવસ્થાઓ થાય છે. **૧ उत्क्रांति** (બહાર પડવું ) **૨ गति** ( પરલોક ગમન ) **૩ प्रतिष्ठा** ( ત્યાં સ્થિર થવું ) **૪ तृप्ति** (તૃપ્તથવું) **૫ पुनरावृत्ति** (પાછું આવવું) અને **૬ प्रत्युस्थिति** (પ્રત્યુત્થિતિ ) **સુક્ષ્મ** શરીર અથવા **લિંગ** દેહ એવા ભૂલોક વગેરે માં સંસ્કાર પામી કરેલાં કર્મ ભોગવવા **જીવ** ફરીથી સ્થુળદેહ

ધારણ કરે છે. **ધ્રુવ** લોક વગેરેમાં સંસ્કાર પામી પૂર્વોક્ત જીવ એકાદા વનસ્પતિના **અર્ક પ્રમાણે** જવ પ્રાય બનેલી **શ્રદ્ધા** સહ આહુતિનો હવન થઇ, **સોમ** રૂપી, સત્તા નિર્માણ થાય છે.

**પૂર્વજન્મરૂપી** અગ્નિની વાયુ એજ **સમિધ**, મેઘ ( વાદળાં ) એ ધુમ વિજળી, એ જ્વાળા અગ્નિ (ઇંદ્રનુ આયુધ), અંગારા, ગડગડાટ, એચિનગારીઓ, એ **અગ્નિમાં** સોમરાજાનું હવન થઇને વૃષ્ટિ તૈયાર થાય છે.

**પૃથ્વિ** એજ ત્રીજો **અગ્નિ**, તેની સંવત્સર એજ સમિધ, આકાર એજ ધુમ, રાત્રિએજ જ્વાળા, દિશારૂપી અંગારા, અને અવાંતર દિશા એ ચિનગારીઓ જાણવી, આ અગ્નિમાં વૃષ્ટિરૂપી આહુતિનુ હવન થઇને અન્ન ( **વ્રિહિઆદિ ધાન્ય** ) ઉત્પન્ન થાય છે.

**પુરૂષ** એ ચોથા અગ્નિ છે. **તેની વાણી** એજ **સમિધ**; પ્રાણ એ ધુમ, **જીવ્હા** એ જવાળા, **ચક્ષુ** એ અંગારા અને **શ્રોત્ર** ( કાન ) એ ચિનગારીઓ જાણવી. એ અગ્નિમાં પૂર્વોક્ત **અન્નનું** હવન થઇ રેત ઉત્પન્ન થાય છે.

**આ** પ્રમાણે ભૂલોકાદિ પાંચ અગ્નિને ઠેકાણે **શ્રદ્ધાદિ** રૂપ **પાંચ** આહુતિઓનો હોમ થઇને તેનાથી **સોમાદિ જુદાં** જુદા રૂપાંતરો થતાં આખરે આપણે **ગર્ભસુધી** આવી પહોંચ્યા. પ્રત્યેક ઠેકાણે **જીવાત્માનો** સંબંધતો ખરોજ, પણ સઘળે ઠેકાણે તે **અવિકૃત** હોય છે.

મરણ **જાગૃતિમાં** થાય તો **મનુષ્ય** યોનિમાં **સ્વપ્નાવસ્થામાં** થાય, તો તિર્યંયોનિમાં એટલે પશુ પક્ષીઓમાં, અને **સુષુપ્તિ** અવસ્થામાં થાય તો સ્થાવરમાં જન્મ થાય છે, પણજો **તુર્યાવસ્થામાં** (નિષ્કામ વૃત્તિથી માયા રહિત મરણ થયતો) **બ્રહ્માંનંદ** પ્રાપ્તિ થઇ **મોક્ષ** પામે છે.

**રમતો** રહે છે કાળ **જીવન** સર્વ વિતી જાય છે;
આ દેહ છોડી **આત્મ** સહુ કાળને વશ થાય છે.
નિશ્ચય સમજજે સુજ્ઞ મન સંસાર મૃત્યુ ખાણ છે;
ભજતા નથી જે સત્ય વિભૂ જીવતા બધા પાશાણ છે.

ભગવાન મનુએ સ્પષ્ઠ કહ્યું છે, કે **धर्म एव हतो हन्ति** ધર્મનું ખુન કરનારનીજ **ધર્મ** પોતે બરાબર ખબર લે છે. ધર્મ શાસ્ત્રોના આદર્શ રૂપ **ધારાઓનુ** નિકંદન કરી **નીતિ** પર હડતાલ ચોપડનાર વિશ્વાસઘાતી, ધર્માંધ, વિષયી, કન્યા વિક્રયી પ્રપંચી, દગા બાજ મનુષ્યોને નિદ્રા પણ સુખે સુવા દેતી નથી. તેનું હૃદયજ તેને ડંખે છે, અને **કુદરત** પણ તેના અધમ કૃત્યથી નારાજ થઈ, નિશ્વાસ નાંખે છે.

તુલસી ! હાય ગરીબકી કબુન ખાલી જાય,
મુએ ઢોરકે ચામસે, લોહા ભસ્મ હો જાય.

**અહા ! તુલસી** ! **તુલસી** ! તહારા કથનમાં કેટલું **અમૃત** ભર્યું છે, જેમ એકજ રાજ **હંસ** આખા સરોવરને શોભાવે છે, તેમ હરનિશ વસનારા હજારો બગલા સરોવરને શોભાવી શકતા નથી. **ખરેખર** ચાંડાલ મનુષ્ય સેતુબંધ **રામેશ્વરની** પવિત્ર ગંગામાં સ્નાન કરી કદિ મુક્ત થાય, પરંતુ વિશ્વાસથી બંધાયેલા મનુષ્યનો જે વિશ્વાસઘાત કરે છે તે તો દીર્ઘકાળ નર્કનો અધિકાર ભોગવે છે.

પૈસો ઘણો પ્યારો ગણી વિશ્વાસઘાતી ના થજો,
**અમૃત** બતાવી કોઇને વિષને બતાવા ના જજો.
સ્વાર્થમાં કૃત્રિમ બની બુરૂં બીજાનું જે કરે;
સહુ પાપનો ભોક્તા બની નિશ્ચય અધર્મિ તે ઠરે.

**આ દુનિઆમાં** માત્ર સજ્જન, સદ્‌વક્તા, નિર્ધન, સદ્‌ગુણી ઉપર બળવાન અભિમાનીઓનોજ અત્યાચાર, દ્વેષ, નિંદા, વિશ્વ-ઘાત, અજ્ઞાન રૂપી અંધકારથી અધર્મ રૂપી અશાંતિનો અગ્નિ પ્રચંડ જ્વાળાની જીભ્હા લંબાવી રહ્યો છે. **હરિ હરિ** ! એવા પ્રચંડ જ્વાળાની વૃદ્ધિ થાય ત્યારે **કળિયુગનો પ્રારંભ** ગણાય છે. એઓથી સાવધ રહી **ધર્મને** ધારણ કરે છે, ત્યારે **દ્વાપર** યુગ થાય છે, **વેદ શ્રુતિ સ્મૃતિના** દરેક કાર્યમાં પ્રવૃત્ત રહી. **કર્તવ્ય કર્મ** કરે છે, ત્યારે **ત્રેતાયુગ** ગણાય છે, અને પોતાના **સદ્‌વર્તની નિષ્કામ કર્મથી** પરહિત કાર્યમાં પ્રવૃત્ત રહે ત્યારે **મોક્ષ રૂપ પ્રકાશનો સત્ય યુગ** ગણાય છે.

**ચેત ! ચેતરે ! ચેત ! ચતુર નર આવો વખત મળશે નહિ,**
**સદ્કૃત્ય વિણ આ દેહનો ફેરો કદિ ટળશે નહિ.**
**હર ! હર ! સમર નર હર ઘડી પળ વિપળ ઇશ્વર લેખજે,**
**કહે ભીખાજી સ્નેહેથી સદ્ધર્મ પ્રેમે પેખજે.**

**અરે** ! હું કોણ ? મને **મનુષ્ય** જન્મ મળવાનું કારણ શું ? મને પેદા કરનાર કેવો **હશે** ? હું કયાંથી આવ્યો ? અને કયાં જવાનો છું ? જયાં જવાનો છું ત્યાં સંગાથમાં શું ? મેં **જન્મ** ધરી કીધું શું ? મારે કરવાનું શું હતું ? **જીવને** નજીવવાનું કારણ શું ? સંસારના વૈભવોમાં માલ **શો ? ખરેખર** એવા **ઉત્તમ** પ્રકારના **વિચારો** તો સ્વપ્નમાં પણ કોઈ **મનુષ્યને** ભાગ્યેજ થતા હશે ?

વો ગુલ ! આદમ કે થા ફુલોંકા બીસ્તરા જીનકા
કબ્ર ખાકોપેં ઉન લોગોંકો, સોતે હમ દેખા.

**અહા ! પ્રભૂ ! પ્રભૂ !** તહારી માયા અગાધ છે ! અગમ્ય છે. મનુષ્ય **જન્મ** આપી, લોભ, ના મીથ્યા આડંબરી અભિમાનોથી મોહ જાળમાં લપટાવી, આ **જીવન** નિરમાલ્ય કરી માનવ દેહ, જે **અમુલ્ય રત્ન** તે કયાં નો કયાં તૃષ્ણારૂપી નદીમાં ધકેલી દે છે.

**તૃષ્ણા સમી ન મોહીની, લોભ સમા નહિં ચોર;**
**હરિજન સમાન પારખુ, વિરલા દિસે કો ઓર.**

**ધર્મ** ! **ધર્મ** ! કહ્યા કરતાં **ધર્મને** ધારણ કર્યા વિના કદિ **મનુષ્યનું** કલ્યાણ થતું નથી. **ન્યાય, નીતિ,** અને **સત્યને** સર્વ મનુષ્યો પૂજે છે. **ધર્મ** આપણા **આદર્શ** વિચાર માળાનો **સાક્ષી** પરમ તત્વ **પરમાત્મા** છે. સમગ્ર વૈભવની ગતિ મૃત્યુમાંજ પરિપૂર્ણ થાય છે. આપણી **ઉન્નતિ** વૃથા આડંબરી કામકાજ, વિલાસીતા, એજ નગરો શહેરો બંધાઇ તે ગૃહો વગેરે ભાંગી તુટી ચૂર્ણ વિચૂર્ણ થાય છે, અને તે સુંદર વૈભવો ધૂળ રૂપ થઇ ગમે ત્યાં જઇ પડેછે આ પ્રમાણે અનાદિ કાળથી ચાલ્યું આવે છે. એ સર્વની ગતિ **શી** ? મૃત્યુ એજ સર્વની છેલ્લી ગતિ. **ત્યારે** શા માટે આ પણે સ્વાર્થપ્રત્યે મમતા રાખીએ છીએ ? શા માટે ખોટી આડંબરી મમતા ત્યાગી શકતા નથી? તે વાંચનાર સમજતા તો હશેજ **તેનું નામજ મહામાયા.**

અરે ! જો જીવ ! પ્રવાસી તું વહીને મોહ સરીતામાં,<br>
સંબંધી કોણ છે તહારા, તપાસી જો શું તહારૂં છે?<br>
ગણે ધન, ધામ, તન તહારૂં, અચળ છે શું રહેનારૂં?<br>
જવું અંતે તજી પ્યારૂં, વિચારી જો શું તહારૂં છે?

**હસ્તિનાપુરથી** છેવટના મહા પ્રયાણ કરતાં **રાજા યુધિષ્ઠિરની** પાછળ **વિશ્વાસે** પડેલો **કુતરો ભારે** વિપત્તિઓ સહન કરી અનેક વિકટ વનો ઓળંગી પાછળ આવતો **રાજા યુધિષ્ઠિરની** દૃષ્ટિએ પડ્યો, આ જોઇ **રાજાએ** વિચાર્યું કે **અહો !**

**આવા** વિકટ **માર્ગ**માં **મારી** પાછળ આ **કુતરો** કયાંથી ? ત્યાંતો સ્વગના **અધિપતિ ઇંદ્રદેવે યુધિષ્ઠિરને** કહ્યું, કે **હે પાંડુપુત્ર !** આ વૈમાનમાં બેસી **સ્વર્ગમાં** ચાલો. આ જોઇ **રાજાએ** કહ્યું, **મહારાજ !** આ કુતરાને પણ સાથે લ્યો. ત્યારે ઇંદ્રે કહ્યું, **હે !** **મહાબાહો !** તેં આજે **અમરપદ**, બહોળો વૈભવ, મહાન વિજય, અને **સ્વર્ગનાં** સુખ મેળવ્યાં છે. આ કુતરાએ કંઇપણ અધિકાર પ્રાપ્ત કર્યો નથી. માટે એનો ત્યાગ કરી આ વૈમાનમાં બેસો. આવું ખેદયુક્ત **સુરપતિનું** બોલવું સાંભળી યુધિષ્ઠિરે કહ્યું, હે ! **સહસ્ત્ર** નેત્રવાળા ! સ્વર્ગના અધિપતિ ! **નીતિમાન ધમ** વિરોને ઉચિત્ત નહિં એવા **વિશ્વાસે** પળેલા પ્રાણીનો ત્યાગ કરી, **વિશ્વાસ** ઘાત **કરી** હું શું સ્વર્ગમાં આવું ? **ના** કદિ નહિં. એવા સ્વર્ગના અનેક વૈભવોને હું ચહાતો **નથી.** ઇંદ્રે કહ્યું **હે રાજેન્દ્ર !** તારા માતા પિતા, ભાઇઓ, અને પ્રીય પત્નિનો તેં કેમ ત્યાગ કર્યો ? અને **આ કુતરાનો** ત્યાગ કરવા કેમ ઇચ્છતો નથી ? યુધિષ્ઠિરે કહ્યું, **મહારાજ !** ગત થયેલા સંબંધીઓ સાથે સ્નેહ કે વૈર હોતું **નથી.** તેમના મૃત શરીરને જીવતા કરવાની મારામાં શકિત નહોતી અને **આ કુતરો** તો જીવે છે. અહા હા! **ધન્ય** છે. **ધમવિર યુધિષ્ટિર !** એમ કહી **ઇંદ્રદેવ** યુધિષ્ટિરને કુતરા સહિત **સ્વર્ગમાં** લઇ ગયા. **ખરેખર** જ્ઞાતા **મહાનુભાવ સજજનો** વિશ્વાસે રહેલા પ્રાણીઓનો કદિપણ ઘાત કરતાજ નથી.

**સત્ય** નિર્મળ ! **સત્ય** વહાલા ! **સહુમાં વસતું** પ્યારથી;
**ના** ભૂલ ! **તારૂં** નિજ **કર્તવ્ય રહે** તું **થઇને સારથી.**

**આ અરજ મારી ઉરે ધારી, કર કાજ વહાલા પ્રેમ દઇ;**
**તું શુદ્ધ સહુમાં ગાજજે, શિરોમણી સરદાર થઇ.**

**વિદ્યા** ભણી મોટી પદવિઓ મેળવે તેથી શું ? પંડિત થઈ મહાત્મા બની આડંબરોમાં રહે તેથી શું ? વિદ્વતા ભરેલી વેદાંતની મોટી મોટી વાતો કરે તેથી શું ? જેમઃ- ભમરો સદૈવ વનમાં વસે છે, છતાં **સત્સંગના** સુવાસની ખાતર પાણીથી નિર્લેપ રહેલાં તળાવની વચમાં ઉભેલા **કમળનોજ** સંગ કરે છે. પરંતુ ત્યાં આગળ અનેક દેડકાંઓ નિરંતર પાણીમાંજ વસે છે, તેઓને એટલું પણ ભાન નથી હોતું કે **કમળ** કયાં આગળ વસે છે.

**ઋષિ ઉદ્દાલકે** પોતાના પુત્ર **શ્વેતકેતુને** યોગ વિદ્યાનું પ્રતિપાદન કરવા આચાર્યની પાસે મોકલ્યો, ત્યાં આગળ બાર વર્ષ **વિદ્યા** ભણી ચારે **વેદ**, ૭ **શાસ્ત્ર** અને **પુરાણોનું** અધ્યયન કરી પંડિત માન્ય થઈ ઘેર આવ્યો, ત્યારે તેના પિતા **ઉદ્દાલકે** તેનામાં ઉદ્ધતાઇ ભર્યાં અભિમાની ગુણો જોઇ પુછ્યું, કે હે **પ્રિય દર્શન શ્વેતકેતુ** ખરૂં કહે કે તારા ગુરૂ આચાર્ય પાસેથી તેં એવો તે કયો ઉત્તમ **ઉપદેશ** મેળવ્યો કે **પ્રકૃતિ** અને **પુરૂષ**, જડ અને **ચેતન**, **હું** અને **તું**, નો ભેદ હજી સુધી ગયો નહિં. આવાં પિતાનાં વચન સાંભળી દિગમૂઢ થએલા **શ્વેતકેતુએ** કહ્યું કે હે **ભગવાન** આપે જે કહ્યું તે હું સમજી શકયો નહિં. **सदैव सौम्येदमग्रा-**

**सोदेकम् वाद्वितीयम् सत्तत्वमसि** હે **સૌમ્ય** ! તે તું જે સૃષ્ટિની પૂર્વે આ એકજ આદિત્ય **આત્મવત્ બ્રહ્મ** હતુ તે **જીવ શીવની** ઐકયતાના જ્ઞાન રૂપ **तत्वमसि ते तुं** જો.

**અતિ શ્રમ લઇ વિદ્યાભણી** પદ્ધિ મળી તો શું થયું?
**પોથાં ઉથામ્યાં** પારત્રિણ સાર્થક કંઇના સાંપડયું?
સાચું કર્યું જુઠું વળી વિદ્યા તણું બળ વાપરી,
છે ધિકક એવી વિદ્વતા શાસ્ત્રસ્મૃતિ ઉંચી મૂકી.

**સ્વર્ગના** વૈદરાજ **ધનવ તરીએ** શિષ્યોને કહ્યું કે **બે** આંખનો સર્વને છે તે વડે માત્ર અસ્થિર જગત દેખી શકાય છે, વિદ્વાનોને બુદ્ધિરૂપી ત્રીજી આંખ આવે છે, **ધર્મ** પાલકોને સાત આંખ હોય છે, પરંતુ **હે સૌમ્ય જ્ઞાનિ** પુરૂષોને તો **દૈવી** અપાર **નેત્રો** હોવાથી જે વડે અનંત **બ્રહ્માંડનો** વ્યાપાર ચાલી રહયો છે તે પર **બ્રહ્મ પરમાત્માને** જોઇ શકે છે. **કહો** આથી વિશેષ શું ? **અહો** ! આવા **જ્ઞાન** રૂપી ઉત્તમ **અમૃતના** વૃક્ષને તજી કયો મૂર્ખ હોય કે વિષ વેલીના જડ વૃક્ષને સિંચે ?

**લક્ષ્મી તણા મદ લોભમાં, લક્ષ્મી પતિ ભૂલી ગયા;**
**માયા મહીં લપટાઈ કુટીલ, સ્વાર્થમાં રાજી થયા.**
**ધરી દેહ માનવ રત્નનું, જો હીત કદીએ નાથયું;**
આજ કરતાં કાળ આવ્યો, **કરવું હતું તે રહી ગયું.**

**જીવનની** અમુલ્ય મુસાફરીના બધા અવગુણોમાં લોભ પ્રબળ જ્વાળામુખી પર્વત જેવો ભાગ ભજવે છે. **જોકે** દરેક સમજે છે, છતાં તેના પર કાબુ કેમ મેળવી શકાતો નથી ? કૃષ્ણ ! આવે છે, એમ જાણી ધુર્ત ધૃતરાષ્ટ્રે ! તેમનો સત્કાર કરવા બહુ બહુ તરેહની રત્નજડીત સામગ્રીઓ તૈયાર કરી, આ બધું જોઇ **વિદુરજીએ** કહ્યું તમો કૃષ્ણને હીરા માણેકના તેજથી રીઝાવી શકશો નહિં, યાતો પ્રપંચથી ઠગી શકશો નહી. તમારા હૃદયમાં જેટલી **સત્યતા** છે, તેટલીજ **બુદ્ધિ** લાગે છે. આવા માયાના મીથ્યા-આડંબરોમાં પ્રકાશીત થએલા ખોટા લોભે તમારી બુદ્ધિને મલીન કરી નાંખી છે. જેથી તમારા સહવાસમાં ઉંચ પ્રકૃતિના **મહાન** પુરૂષો આવતાં અચકાય છે.

**અધર્મ વર્તન છુપશે નહિં, છાનું કરો કો જગતમાં;**
**અંતે દેખાઇ આવશે, આ લોક કે પર લોકમાં.**

**વિદુરને** ઘેરથી વિદાય થએલા કૃષ્ણ ! કૌરવોની સભામાં આવ્યા આ જોઇ પ્રપંચી **દુર્યોધને** પોતાના પક્ષમાં ખેંચવા **કૃષ્ણને** જમવાનું નોતરૂં કહ્યું. કૃષ્ણે વિચાર્યું એવા ધૂર્ત પ્રપંચીનું નોતરૂં સ્વિકારવું, અને **નીતિના સત્ય** માર્ગે ચોખ્ખું **મન** રાખવું, આ બે વાત **ધર્મ** વિરૂદ્ધ છે ! ત્યારે **દુર્યોધનને** નિડરતાથી સ્પષ્ટ જણાવ્યું કે **લોકો** પ્રીતિને લીધે અથવા દુઃખમાં આવી પડે છે. તોજ પારકાનું **અન્ન** ખાય છે, તું કાંઇ પ્રીતિને લીધે **મને** જમાડવાની ઇચ્છા રાખતો નથી ! તેમ હું કાંઇ દુઃખમાં આવી

ગડયો નથી ! ત્યારે **મારે** શા નિમિત્તે તારૂં અન્ન ખાવું ? હું જે કામને લીધે, **અત્રે** દૂત થઈ, આવ્યો છું, તે કામ પુરૂં થયે તારૂં ભોજન સ્વિકારીશ! **શુદ્ધ** બુદ્ધિ વાળો **ધર્મવીર** ધર્મ વિરૂદ્ધ દાંભિકોનું કદિપણ **અન્ન** ખાઇ અધર્મથી દબાતો નથી ! આમ કહી પોતાના પ્રીય સખા ભક્ત **વિદુરજીની** પરોણાગત સ્વિકારી **ભાજી ખાધી** ! **ખરેખર !** લોભથી ઢંકાએલા સ્વાર્થી મનુષ્યોના વિચારોથી **નીતિ** હજારો માઇલ દૂર છે. લોભના પ્રપંચો અંધકારની તુચ્છ વૃત્તિથી ત્રિલોકનું રાજ્ય મેળવવું તે કરતાં **સત્ય** પરાયણ **સ્વધર્મ**માં રહી **સન્માર્ગે** થએલુ મૃત્યુ ! લાખો વાર ધન્યવાદને પાત્ર છે !

**જ્યારે પ્રગટયો પ્રેમ તુલસીના દલથી રાજી;**
**પ્રગટયો જ્યારે પ્રેમ ખાધી ! વિદુરની ભાજી.**
**જ્યારે પ્રગટયો પ્રેમ સુદામાનું દળદર વામે;**
**ધન્ય ધન્ય જન એવા જેને વેદ વખાણે.**

**સ્વયંભૂ મનુ !** કહે છે કે જે પોતાના સુખને માટે નિરઅપરાધી પ્રાણીઓને દુઃખ આપી તેનો વધ કરે છે તે આ લોક અને **પર** લોકમાં પાતકી થાય છે. એટલુંજ નહિં પણ તે કામમાં કોઇપણ સંબંધ રાખનાર પાપી ગણાય છે. **अहिंसा परमो धर्म** એમ જાણી સુજ્ઞ **સજ્જનો** કદિ કોઇપણ પ્રાણીનો વધ કરતા નથી ! અહિંસા **ધર્મ** પાળવો એ આપણા **ધર્મનો** મૂળ

સિદ્ધાંત છે. **ભીલ રાજાને** સદ્‌ગુણ સંપન્ન **શબરી** નામની કન્યા હતી તેના **લગ્ન** પ્રસંગે હજારો **ભીલ** બંધુઓ, **લગ્ન** સમારંભ વખતે હાજર થવાના હતા! તેમના ખાન પાનના સુખ વાસ્તે **ભીલ રાજાએ** હજારો **બકરાં** મંગાવી રાખ્યાં હતાં! તે જોઇ **શબરીએ** પોતાની **માતાને** પૂછ્યું **માતા! આ** બધાં બકરાં-ઓને શા માટે બાંધી રાખ્યાં છે? તેની **માતાએ** જણાવ્યું **બેટા**! આવતી કાલે તારાં શુભ લગ્ન હોવાથી, આપણે ત્યાં આવેલા મીજબાનોને આનો ખોરાક આપી, રાજી કરવાના છે! **સમજી? માતાનો** આ પ્રતિ ઉત્તર સાંભળી **શબરીનું** હૃદય ભરાઇ આવ્યું, **મનમાં** ઉંડો નિશ્વાસ નાંખ્યો, અને વિચાર કરવા લાગી!

સુખ દુઃખની આ વાદળી વિખરાતાં શીવાર;
દુઃખના દેવું કોઇને અધર્મથી તલભાર.

**ઓ હરિ**! મારા આ પાપી **દેહનાં** લગ્ન **સમારંભમાં** આ બધાં નિર્દોષ જાનવરો કતલ થશે? આનું નિમિત્ત હુંજ બનીશ આ બધાં પશુઓના વધનું કારણ હુંજ થઇશ! **હરિ! હરિ**! જો હુંજ ન હોઉં તો આ બધા **જીવ** કેમ ન બચે? એમ ધારી અર્ધ રાત્રીએ અઘોર અરણ્યમાં ચાલતી થઈ ત્યાં **પ્રભુનું** ધ્યાન ધરવા લાગી. તેજ શબરીનાં એંઠાં બોરથી રાવણ પુત્ર ઇંદ્રજીતથી મૃત્યુ વશ થએલા લક્ષ્મણજીની **મૂર્છા** ઉતરી હતી નામાંકીત **નજીર** કહે છે જગતમાં કોઇપણ પ્રાણીનો વધ કરવો

એના જેવું એક પણ પાપીષ્ટ કર્મ નથી. દીવાલ **તોડ** ! ઠ ફોડ ! મગર કીસીકા **જીગર** મત તોડ ! **જીવ** એ વિદ્યુતની **જ્યોતી છે. અચાનક** કડાકા ભેર ઉડી જતાં લેશ માત્ર વિ લાગશે **નહિં. કુદરતનો** કાતીલ ડંખ અધર્મીને ડસ્યા શિવાય રહે નથી. **અમુક** પળની શુદ્ધ સંસારની છાયાથીજ, **શબરી** **ભીલ કન્યા** અહિંસા **પરમો ધર્મના** પાલન થકીજ **ત** અને **વિશ્વમાં** જગ વિખ્યાત થઈ.

**વિશુદ્ધ** ! તત્વે વર્તિને **સદ્ધર્મને** સહુ પાળજો;
**સ્વધર્મ નીતિ** છોડતાં એ **મન** ! ભુંડું વાળજો.
વળી યોગ્ય સુકૃત્ય આદરી નિજ **ધર્મ** ધારા રાખજો;
સદ્ધર્મને આગળ કરી જન કાર્ય સહુ સંભાળજો.

**મુનિ કપિલદેવ** કહે છે કે:–**માયાના** વાતાવરણમાં ચોપાસ એવો ઘેરાઈ જાય છે કે લોભ રૂપી તૃષ્ણાના બંધન કયારે છૂટી શકશે ? તે કલ્પી શકાતું નથી ! દિન પ્રતિદિન સ્વા એટી તેને છુટવા દેતી નથી, જેથી **નીતિમય સદ્દમાર્ગે** વળી શ નથી ! વૈભવ નાશવંત છે, એમ જાણવા છતાં, ઝાંઝવાંનુ સમજી તેના તરફ ખેંચાતો જાય છે. **જીવન** અમૂલ્ય છે, દેહ ભંગુર છે ! માતા, પિતા, ભાઇભાંડુ, કુટુંબ કબીલા, સર્વ સ નાંજ સગાં છે. આમ જોયા છતાં **અસંખ્ય જીવોનો** કેમ થઇ શકતો નથી ? પ્રભૂ સર્વસ્વ છે. **જીવ** અને **શ** એકજ છે ! **આત્મા** સો **પરમાત્મા** છે ! તેનીજ પાસે જવાનુ

એમ જાણી, બટુક **વામનજીને** સર્વસ્વ અર્પણ કરનાર **બળી રાજા** સરખા મહાન જીવો પુનઃ કેમ જણાતા **નથી** ? ભક્તિ રસનો અખુટ ભંડાર લુંટી બીજા ભક્ત જનોને લુટાવી **સંસાર** યાત્રાને સફળ કરી **સ્વદેહે વૈકુંઠમાં** જનાર બીજા **તુકારામ** વિશ્વમાં શા માટે દેખાતા નથી ? **નીતિ શાસ્ત્રમાં** પારંગત નીડર **જીવનને** સુવાસિક પુષ્પની માફક બહેકાવી **નીતિમય અમર** નામના મૂકી જનાર વિદુર સરખા **મહાત્માનું** નામ હાલમાં કેમ સાંભળવામાં આવતું નથી ? સનાતન **ધર્મનો** વિજયી ઝુંડો ફરકાવી લાખો **જીવનને** ધાર્મિક પંથે વાળનાર આદ્ય **ગુરૂ શંકરાચાર્ય** સરખા **મહાન ધર્મધુરંધર મહાત્મા** હાલ કેમ જોવામાં આવતા નથી ? ચૌદ વર્ષ વનવાસ ભટકવા છતાં **ન્યાયથી** લેશ માત્ર પણ વિમુખ ન બનનાર, સત્ય શિરોમણી પાંડુ સુત યુધિષ્ઠિર સરખા બીજા વિરલાઓ હાલ શા માટે વિહાર કરતા નથી ? મ યાની અતુલ જાળમાં ઘેરાએલા પતિ **શિખર ધ્વજને** માયા રહિત નિષ્કંચન બનાવનાર, ચાલુ **સમયમાં** બીજી પતિહિત **સતી ચુડાલાનાં** કેમ દર્શન થતાં નથી ? પતિનું મૃત્યુ થયા છતાં ધર્મ રાજા પાસે, **ધાર્મિક** વાક્યો ખડાં કરી, મન વાંચ્છિત યશસ્વી વરદાન માગી **સત્યવાનને** સજીવન કરાવનાર મહા સતી બીજી **સાવિત્રી** ચાલુ **સમયમાં** કેમ જોવામાં આવતી નથી ? મૃત્યુ સમયે **પાસે** કાંઇ ન હતું, છતાં મુખમાંથી સુવર્ણ રેખા કાઢી આપનાર **કરણ** સરખા દાન વિરો હાલ કયાં છુપાઇ ગયા ? ભયંકર દુષ્કાળમાં બાદશાહની **પ્રજાને અન્નના** ભંડાર લુંટાવી

ભક્ત વત્સલ **પ્રભૂને** રિઝાવનાર બીજા **દામાજીનો** આજ લેવા કેમ કોઇ બહાર પડતા નથી ? જીવન પર્યંત ગ્રામ્ય **જીવનમાં** કુદરતી હવા પાણીનો અમૂલ્ય ખજાનો ચાખી સખ્ત પરિશ્રમે રહી, **સો, સો,** વર્ષ **જીવન** ટકાવી રાખનાર **વૃદ્ધ** પુરૂષો હાલમાં કેમ જોવામાં આવતા નથી ? **આનો** સંતોષકારક ઉત્તર કોઇ "હકારમાં" આપવા તત્પર **થશો** ? શું આ કળિયુગ છે ! માટેજ કોઇ જન્મતા નથી ? શું ? આ યુગમાંથી **સત્ય** અલોપ થઇ ગયું ?

કળિયુગ ! કળિયુગ ! કહી કહીને, કૈક ગોથાં ખાય છે.
જાણી જોઇ સપડાય એવો, સ્વાર્થનો મહીમાય છે.
ચક્ષુ છતાં દીવો લઇ, અંધકારને ગોથે ચડે,
અમૃત તજી વિષને પીએ, કળિયુગ બિચારો શું કરે.
તેજ ભૂમિ ! તેજ સૂર્ય ! તેજ શશિ વ્યવહાર છે;
શું થયું ? શું થાય છે ! હજુ પણ શું થાનાર છે.

**સંત મહાત્માઓ** ! શું પહાડ કોતરો કે ગુફાઓમાં ભરાઇ ગયા છે ? **સંત** સમાગમ **શું** કોઇ કરતુંજ નથી ? **સન્માર્ગે નીતિમય જીવન** ગાળી આવેલા **અતિથિનો** સત્કાર શું કોઇ કરતાજ નથી ? ધાર્મિક **આચાર વિચાર શું** હવામાંજ ઉડી ગયા ? **વિદ્વતાના શું** વાખા પડયા ? **બુદ્ધિ** નો ખજાનો શું ફેશન દેવીની સીમામાંજ દટાઇ ગયો ? સ્વધર્મ **શું** ? અલોપ થઇ ગયો ? જગતના પથ્ય **ધર્મધારા આચાર વિચાર રીત ભાત**

ના વહેવાર વિષે **શું** કહેશો ? માથાની પાઘડી શીખે એક એકથી જુનું ગાઉ પલાયન **થઇ** તેનું તો પૂછશોજ **શું** ? કોઇ કહેશો ? કોઇ બે ઘડી **વિચાર** કરી જોશો ? આ બધુ શા માટે **થાય છે ? આ શું ?** કળીયુગ છે માટે **ના ! ના !** આનો પ્રતિ ઉત્તર સાદો અને સરળ છે. **मनेव मनुष्याणाम् कारणे मोक्षः** મનના ઉચ્ચ તત્વપર જીવન અવલંબી રહ્યું છે.

**કર્તવ્ય ! સત્ય વિસારમાં પળની ખબર પડશે નહિ;**
**નીતિ ધર્મ સમજ્યા વિના સુખ લેશ પણ જડશે નહિ.**
**ભજ ! ભજ !** ભલા ગોવિંદને આ કાળ **મીથ્યા જાય છે**
આવે અચાનક કાળતો ! વૈભવ **બધા રહી જાય છે.**

સુખે **વૈભવ** અને દુઃખે **રામ** ! દુઃખમાંજ **રામ** ભજાય છે. દુઃખ પરમ આનંદનું **મણી** છે. દુઃખ વૈરાગ્યની અભય **જયોતિ** છે. વિષમાં **અમીજ** હોય છે ! છતાં વિષનાં ગુણ દોષો જાણ્યા સિવાય **અમીની** અમૂલ્યતા આંકી શકાતી નથી. **ચેત્યો નર** અખંડ સુખી ! **બિલ્વમંગળ** ઉર્ફે **સુરદાસ** અકબરની કચેરીના પ્રસિદ્ધ સંગીત વેત્તા **રામદાસનો** અતી વહાલો પુત્ર હતો. તેના પિતાના અવસાન થયા પછી કામાંધપણા સાથે કુદરતના ન્યારા ખેલ એવી રીતે અથડાયા કે પોતાના કુળ આચારને વિસારી એક ચિન્તામણી **વેશ્યાના** વિષયમાં પડી ગયો તે એટલે સુધી કે ગમે તેવું ગમે તે કામ મૂકી પોતાની પ્રિયતમા સિવાય બીજું કાંઇપણ

દેખતો નાહ્ં. એક દિવસે તેના પિતાનું શ્રાદ્ધ હોવાથી તેની ખટપટમાં વિલંબ થયો, શ્રાદ્ધ કીધું ન કીધું ! આવેલા સગાંઓને જમાડયા ન જમાડયા એમ કરી વેશ્યાને મંદિર ચાલતો થયો. **અર્ધ** રાત્રી છે ! વેશ્યાનું ઘર સામે તીર છે ! નદી જલથી પૂર છે ! **અહા** ! **આ** સમય પોતાના **જીવન** મૃત્યુની **મીમાંસા** કરવાનો ન હતો **લાચાર** ! આવું જોઇ નદીના પુરમાં ઝુકાવી પેલે પાર જવા નીકળ્યો. એટલામાં એક નાવ સરીખું કાષ્ટવત્ મડદું જલમાં હાથ આવ્યું ! તેને અવલંબી નદીપાર કિનારે જઇ પહોંચ્યો **અફસોસ** ! જલના ફરીવળવાથી મંદિર ઉપર જવાનો મોખરો સુઝયો નહિં ! આખરે નિરાશ થઇ આમ તેમ જોતાં, અગાશીની બારીના કઠોડે દોરડા જેવું બાંધેલું નજરે પડયું. **આહા** ! મારી ચતુર પ્રિયતમાએ કેવી ચતુરાઇ યોજી છે ? એમ સમજી હર્ષ ભેરે સર્પને પકડી ઉપર ચઢી ગયો, **દિપક** બળે છે ! પ્રિયા ભર નિંદ્રામાં ઉંઘે છે ! ત્યાં જઈ સ્નેહાલીંગન કર્યું વેશ્યા જાગીને જુએ છે તો **બિલ્વ**મંગળ ઉભો છે. વિસ્મય પામી **આહા** ! આ ભયંકર વૃષ્ટિના તોફાનમાં નદીનું પૂર તરી અત્રે સુધી કેમ સલામત આવી શકયો ? **બિલ્વ**મંગળના સૂર્યનો ઉદય થયો. રાત્રીનું તોફાન, નદીનું પૂર, વગેરે લીલા નીહાળવા બિલ્વમંગળને સાથે લઈ બારીએ જઇ ઉભી. જો વહાલા પેલું મનુષ્યનું મડદું નદીમાં તણાઈ આવી કિનારે પડયું છે. **વિચાર** માળાના મણકા ગુથાવા લાગ્યા ! **આહા** વલ્લભા એ તેં મોકલેલી નૌકા છે, એમ સમજી હું એનાથી નદી તરી અહીં આવ્યો છું.

વેશ્યાને આ ઘડીએ લંપટતા એ મહાન દોષ છે, એમ **જ્ઞાન** થવા લાગ્યું. એટલામાં બારીના કઠોડા ઉપર **સર્પ** જોવામાં આવ્યો વેશ્યા ગાભરી થઇ બોલી **જો** જો **વહાલા** ! ભયંકર સર્પ સારૂં થયું કે જોવામાં આવ્યો. **બિલ્વમંગળનો ભાનુ** પ્રકાશ્યો વિષમાં વિષજ હોય છે, છતાં **અમૃત** થઇ જાણે **કુદરતજ** આવો સંકેત રૂપ આ સઘળું કરી રહી હોય **તેમ** ભાસ **થવા** લાગ્યો ગંભીર વદને બોલ્યો. એ સર્પને દોરડું સમજી તારા **આવાસ ઉપર** હું રાતના ચઢી આવ્યો છું. આ બનાવથી વેશ્યાના દુરાચારમાં સદાચારનો પ્રકાશ પડ્યો. અને તેઓ વચ્ચે ગાઢ મૌન છવાઇ રહ્યું, તે લંપટ વેશ્યાના મનોભાવ જોવા લાગ્યો તેની વિતિત આકૃતિ નિહાળી આ કામાંધનું મરણ સાહસ કેવા ક્ષણિક લાભ માટે એની આત્મગત મનમાં મિમાંસા કરી રહી. આખરે વેશ્યા તેનો મૌન ભંગ કરી બોલી.

**ભી**રૂ ભુલીને ભાન ભારે, ભવમહીં ભટકયો ભલે.
**ખા**ના બરાબી ખેલમાંહી, ખર્ચ ખોટાની તળે.
જીન્દગાની જોર જાલીમ, જોત જોતામાં જશે.
ફરતો ફર્યો ફોકટ ફુલી, ફંદ લંપટના ફાવશે.
**કી**ર્તિ કમાયો કઇક કુડા, કર્મથી કાજી કને.
રઘુનાથ રાજી રાખવા, રટતો ન રૂડા રામને.
**ચં**ચળ ચળકતા ચશ્મની, ચતુરાઇથી ચેત્યો નહિં.

દ્વ દશ દિશાએ દેખતાં, દીલમાંહી કાં ડરતો નહિ.
ના ! ના ! નકી નેકી નહિ, નેહ પણ નીરમળ નહિ.
જન્મ જાશે ઝેર જેવો, જામશેના જશમહી.
ચદ્રી યત્નથી ને યોગથી, યદુનાથને જો યાચશે.
શ્રી શ્યામ સુંદર શ્રી હરી, સ્મરતાં સુખો સૌ આપશે.
હુર્ષ, હીંમત હોંસ હેતે, હાલ હેરી હાથમાં.
રીતરાખી રૂડી રહેમની, રટવા એ રાધાવરામને.

સૂરદાસ ! આ તહારી કેટલી બધી કામાંધતા ! કેટલું બધું મરણ ! સાહસ ! મડદાને નાવ ! સાપને રજ્જુ સમજનાર કામાંધ આંખો ખોલી જો કે તે નાવ નથી, પણ મુડદું છે. દોરી નથી પણ સાપ છે. મુડદાથી તરી આવતાં પુરે તને ચિરંજલશય્યામાં સુવાડયો હોત, આ કાળીઆ વિષધરના ડંશે તારા પ્રાણને યમ લોક પહોંચાડયો હોત, તો તે વખતે આ તારી ચિન્તામણી ! તારૂં શું રક્ષણ કરત ! કે ? તેના ઉપર તને આટલો બધો મોહ ! જા ! બાંધવ ચાલ્યો જા ! તારા જીવનને અવિનશ્વર એવા ઉત્તમ ફળની પ્રાપ્તિમાં જોડ ? આ ચિંતામણી તારો ગુરૂ છે ! ક્ષણ ભંગુર સુખમાં ખુવાર નથી ! જા સત્વર ચાલ્યો જા ! જો મોહ દગારો છે ! અત્યારે તારા ઉપર જ્ઞાનનું સામરાજ્ય છે. સૂરદાસ સમજ્યો. ચિંતામણીનો આભાર માની ઈષ્ટ શરણ લઇ જગમાં વિખ્યાત થયો, એવીજ રીતે તુલસીદાસને સ્ત્રીનો

ઉપદેશ પ્રબળ થઇ પડયો હતો. **ઝેરમાંથી અમૃત** નીકળ્યું, અંતનાં **પ્રજ્ઞા** ચક્ષુ ઉઘડી ગયાં હતાં, અને એજ **તુલસીદાસના** લલિત કાવ્યથી શણગારેલું **રામાયણ** આજ ઘેરે ઘેર વંચાય છે. **બાધક** તેજ **સાધક છે!** તેમજ **પ્રભુ** ભક્ત **ધ્રુવની** અચળતાથી કોણ અજાણ્યું હશે ? બે બીંદુ ઝાંકળનાં ગળી જઇ, એક થાય છે. તેમ વિજળીની **બે** રેખાઓ પિતૃશક્તિ અને **માતૃ** શક્તિ વડે **માનવ** શરીર ધારણ કર્યું હતું, છતાં જ્યારે **માનવી** પ્રેમનો ભેદ જણાયો તેજ સમયે તેનું હૃદય **દૈવી** પ્રેમમય થઇ ગયું અને તેજ સમયે **પ્રભુ** પ્રેમ પ્રગટાઇ, ગયો તે એટલે સુધી કે રૂંવે રૂંવે **हरि ॐ हरि ॐ** થઇ **ધ્રુવ** નામે આકાશે ઝલકી રહયો !

પ્રગટાવજે પ્રભુ દીવ્યપુત્રો, દીવ્ય ભૂમિ આવિષે.
સતીનારીઓ પ્રગટાવજે, જેથી ભુમિ ઉજ્જવળ દીસે.
સમજી શકે તુજ સૂત્રને આ જ્ઞાતિની ઉન્નતિ કરે.
ભોજ ? નેવિક્રમ જેવા ધન્ય વિરો પાકિને.

**સ્વાત્મ બંધુઓ ! જ્ઞાન** અનંત છે **શાસ્ત્ર** ઘણાં છે ! **કાળ** નિમગ્નછે ! **અને** વિઘ્ન ઘણાં હોય છે. તેનો વિચાર કરો ! **હુશિઆર થાઓ!** જાગૃત રહો ! **આ** અધર્મ રૂપી દુઃખ સાગરને તરવા, **જ્ઞાન** રૂપી **શિરોમણી** નાકા એજ **આત્મ** સુખનું **અમુલ્ય** સાધન છે. **નીતિ** એજ **સર્વોત્તમ** સુખની **રીતી** છે ?

જ્ઞાતિ વ મહાજન હાકીમ, કરતે હેં પેશ અરજી;
આગે હમ કીસ પુકારે, ઐકયતા દીલ ન લાવે.

ધોબી હજામ તેલી, અંત્યજ જાતી છેલી;
સુધરે હેં સાથ દરજી, તોભી ન ખ્યાલ આવે.
કાશ્યપકે ! પુત્ર કહાવે, જ્ઞાતિ ઉદયન ધારે;
આખીર તુમારી મરજી, ચાહે માનો યાન માનો.

પૂજ્ય **સ્વરૂપ** ! જેમ **વિષ્ણુ** ભગવાને સમુદ્ર વલોવી મહા પરાકાષ્ટાએ **ચૌદ** રત્નો શોધી કાઢયાં હતાં, તેમ આ **નીતિના** અમુલ્ય **પેરેગ્રાફ,** ઇલેકટ્રીક **સીટીના** રત્નો શોધી આપ સમક્ષ રજુ કરૂં છું, તે **વાંચવા** કૃપા કરશો, હાલ એટલુંજ હૃદયમાં ધારણ કરશો તો **ભાવસાર બંધુઓને** ઘણો **ધન્યવાદ છે.**

હું શું કહું ? શી શકિત મારી ! આપને કહી ના શકું,
પણ જે લખ્યું તે પાળજો ! છે પોતીકું નહિં પારકું.
છે અરજ ! ફકીરચંદ સુતની સભાવ પંચ માબાપને.
છે **ધન્ય** ! વારંવાર ભાવસાર જ્ઞાતિ આપને

**નીતિ** તત્વનો ફેલાવો થાઓ ! **ભાવસારોની** વૃદ્ધિ થાઓ ! **નીતિ ધર્મમાં** પ્રવૃત્ત રહી પરમ **આનંદ** પ્રાપ્ત થાઓ એવું જગત પિતા **પ્રભૂ** પાસે યાચી, અત્રે વિરમું છું. **हरि ॐ नमः शान्ति**

**સમાપ્ત**



વાંચો ! વાંચો ! અને જીવનની અમૂલ્ય મુસાફરીને ભૂલ્યા હો ! તો બે ઘડી ફુરસદ મેળવી ફરી એક વાર વાંચી તહમારા સ્વયંભૂ આત્માને પૂછો, કે હું કોણ ? અને મહારૂં કર્તવ્ય શું ?